©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ]   THURSDAY, 23rd JULY, 2026/SRAVANA 01, 1948   [ Issue No. 30**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I

| **PART - I** | Pages | **PART - I - B** | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc., | 421-468 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** | | **PART - II** | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 7057-7432 |
| | | **PART - III** | |
| | | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

## By the I/c Principal District Judge

***Read :***

1. *Government of Gujarat Legal Department Resolution No. FTC/102019/GOI-/D(Part-I), dated 18-09-2019.*
2. *Government of Gujarat Legal Department Resolution No. FTC/102019/GOI-/D(Part-I), dated 16-10-2019.*
3. *Hon'ble High Court Notification No. A.1255/2026[10], dated 29-04-2026.*
4. *Hon'ble High Court Notification No. A.1201/2026[15], dated 02-06-2026.*
5. *District Court, Surendranagar Notification No. A.1/3515/2025, dated : 15-05-2026.*

### NOTIFICATION

No. IB/A.1/3926/2026.-The Undersigned is pleased to modify the notification cited in the preamble at Sr. No. 5 and to nominate the Court of 5th Additional District Judge & Additional Sessions Judge, Surendranagar, at District Head Quarter as "Exclusive Fast Track Special Court For Rape and POCSO Act Cases" for expeditious trial and disposal of Rape and POCSO Act cases, in accordance with law, for their respective jurisdiction, w.e.f. 04-06-2026 B.O.H.

Surendranagar, 03rd June, 2026.

**J. R. Pandit**
I/c Principal District Judge
Surendranagar

---

### જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### જાહેરનામું

નં. ડીએમ/વશી/૧૦૧૬/૨૦૨૬.-બોટાદ શાખા ઉપર સાંકળ ૭૩.૮૪૦ કી.મી. ઉપર આવેલ બોટાદ સાળંગપુર (SHRB 73.840 KM) SH-118 પરના ગંભીર સ્થિતિના પુલ જાહેર જનતાની સલામતી અને જાન માલના નુકશાન ન થાય તે માટે ઉપરવાસના (બોટાદથી સાળંગપુર તરફ જતો) બ્રીજ પરથી સમગ્ર વાહન વ્યવહાર માટે બંધ કરી હેઠવાસના (સાળંગપુર થી બોટાદ તરફ જતો) બ્રીજ પરથી તમામ વાહનો પસાર કરવા કાર્યપાલક ઈજનેરશ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૩/૧ બોટાદના તા. ૨૦-૦૫-૨૦૨૬ના પત્ર નં. સૌ.શા.ન.વિ.નં.૩/૧/પીબી/કેનાલ બ્રીજ/SHRB73840/જાહેરનામું/૧૦૧૩ ના પત્રથી દરખાસ્ત થઈ આવેલ છે. જેથી વાહન ચાલકોની સલામતીને ધ્યાને લઈ સદર બ્રિજને તમામ વાહનો માટે તાત્કાલિક બંધ કરવા તેમજ આ બ્રિજ પર ચાલતા વાહનોને અન્ય માર્ગાન્તર(ડાઈવર્ઝન) કરવુ આવશ્યક જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું હર્ષદ વોરા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ, બોટાદ શાખા નહેર ઉપર સાંકળ ૭૩.૮૪૦ કી.મી. ઉપર આવેલ બોટાદ સાળંગપુર (SHRB 73.840 KM) SH-118 પરના ગંભીર સ્થિતિના પુલ જાહેર જનતાની સલામતી અને જાન માલના નુકશાન ન થાય તે માટે ઉપરવાસના (બોટાદથી સાળંગપુર તરફ જતો) બ્રીજ પરથી સમગ્ર વાહન વ્યવહાર માટે બંધ કરી હેઠવાસના (સાળંગપુર થી બોટાદ તરફ જતો) બ્રીજ પરથી તમામ વાહનો પસાર કરવા ઉપયોગમાં લેવા ફરમાવું છું.

આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી નવા બ્રિજનાં બાંધકામની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

ઉક્ત સ્થળે વાહન ચાલકોની સલામતી માટે બ્રીજ બંધ કરવા તથા ડાયવર્ઝન સ્થળ પર જરૂરી સાઈનબોર્ડ તથા બેરીકેટીંગ કરવા જરૂરી સાધન સામગ્રી લગાવી અકસ્માત ન થાય તેની કાર્યપાલક ઈજનેરશ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૩/૧ બોટાદએ તકેદારી રાખવાની રહેશે. તેમજ ઉક્ત બ્રિજનું કાર્ય પૂર્ણ થયે જાહેરનામાની અમલવારી મુલતવી રાખવા દરખાસ્ત કરવાની રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ ફોજદારી પગલાં લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

કાર્યપાલક ઈજનેરશ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં.૩/૧ બોટાદએ ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલ ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કરાવવી.

આજ તા. ૧૬-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૧૬ માહે જુન, સને ૨૦૨૬.

**હર્ષદ વોરા**
જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

---

**વિષય :** સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ **ઝોનલ ઓફીસરશ્રીને સ્પે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટના પાવર આપવા બાબત.**

**વંચાણે :**

૧. સરકારીશ્રીના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૧૮-૧૦-૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ.

૨. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૦૧-૦૪-૨૦૨૬ના પરિપત્ર ક્રમાંક નં. ઈએલસી/સીઓસી/૩(૮)-૦૪૨૦૨૬-ક-૯૪૧૯ થી ૯૫૪૯.

### હુકમ

નં. એમએજી/આરએમસી/ટી.પી./ડી.પી./સા.ઈલે./ઝોનલ/સ્પે.એકઝી. મેજી. પાવર્સ/૨૬.-રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના વંચાણ-૨માં જણાવેલ પરિપત્ર અનુસાર રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની

સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ ની જાહેરાત કરવામાં આવેલ છે. જે મુજબ ચુંટણી માટેનું જાહેરનામ/ચુંટણીની નોટીસ પ્રસિધ્ધ કરવાની તા. ૦૬-૦૪-૨૦૨૬ તથા મતદાન યોજવા માટેની તા. ૨૬-૦૪-૨૦૨૬ અને પુનઃમતદાન તા.૨૭-૦૪-૨૦૨૬ ના રોજ કરવાનું ઠરાવવામાં આવેલ છે. સદરહુ તારીખથી રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

વંચાણ-૧ તળેનાં તા. ૧૮-૧૦-૨૦૧૨ ના જાહેરનામા મુજબ રાજ્યમાં જ્યારે-જ્યારે ભારતનાં ચૂંટણી પંચ ધ્વારા લોકસભા કે રાજ્ય વિધાનસભાની બેઠકોની ચૂંટણી જાહેર થાયત્તથા રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થાય ત્યારે તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાઓની તારીખથી મેજીસ્ટ્રીયલ પાવર ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ ઓફીસરશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુકત કરવામાં આવેલ નોડલ ઓફીસરશ્રીઓ, ફલાઈંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુકત થયેલ તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણી કામગીરી માટે નિયુકત કરવા જરૂરી જણાય તે રીતે નિયુકત કરવામાં આવે તેવા તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા તેમના વિસ્તાર અને નિશ્ચિત સમય માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે તથા આ અધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ અને ૧૬૩ ના અધિકારો ચૂંટણીની જાહેરાતની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સુધીના સમયગાળા દરમ્યાન અધિકારો આપવા જોગવાઈ થયેલ છે.

રાજકોટ જિલ્લાની (૧) રાજકોટ મહાનગરપાલિકા (૨) ગોંડલ નગરપાલિકા (૩) રાજકોટ જિલ્લા પંચાયત (૩) રાજકોટ તાલુકા પંચાયત (૪) પડધરી તાલુકા પંચાયત (૫) જેતપુર તાલુકા પંચાયત (૬) લોધિકા તાલુકા પંચાયત (૭) કોટડાસાંગાણી તાલુકા પંચાયત (૮) ગોંડલ તાલુકા પંચાયત (૯) જસદણ તાલુકા પંચાયત (૧૦) વિંછીયા તાલુકા પંચાયત (૧૧) ઉપલેટા તાલુકા પંચાયત (૧૨) ધોરાજી તાલુકા પંચાયત અને (૧૩) જામકંડોરણા તાલુકા પંચાયતની બેઠકોની ચૂંટણી યોજાનાર છે. સદરહુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર ધ્વારા નિમણૂંક આપવામાં આવેલ ચૂંટણી અધિકારીશ્રીઓ ધ્વારા તેમના મતદાર મંડળના વિભાગ માટે ઝોનલ ઓફીસરશ્રીઓની નિયુક્તિ કરવામાં આવેલ છે.

સદરહુ ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચુંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તો ત્વરીત પગલા લઈ શકે તે માટે ચૂંટણી ફરજ પર નિયુકત થયેલ ઝોનલ ઓફીસરશ્રીઓ કે જેઓ મેજીસ્ટેરીયલ પાવર ધરાવતા ન હોય તેઓને ઉપર વંચાણ-૧માં દર્શાવેલ સરકારશ્રીના જાહેરનામાથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ મળેલ અધિકારની રૂએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮ અને ૧૬૩ના અધિકારો નિયુકત થયેલ ઝોનલ ઓફીસરશ્રીઓને આ હુકમની તારીખથી તા. ૨૭-૦૪-૨૦૨૬ સુધીના સમયગાળા અને તેમને સંબંધીત ચૂંટણી અધિકારીશ્રી ધ્વારા ફાળવવામાં આવેલ નિશ્ચિત કાર્યક્ષેત્ર માટે સ્પેશ્યલ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના પાવર્સ એનાયત કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | કલમ-૪૪ | ARREST BY MAGISTRATE, |
| ૨. | કલમ-૧૦૮ | TO DIRECT SEARCH IN HIS PRESENCE, |
| ૩. | કલમ-૧૦૯ | POWER TO IMPOUND ANY DOCUMENTS AND THINGS, |
| ૪. | કલમ-૧૪૮ | DISPERSAL OF ASSEMBLY BY USE OF CIVIL FORCE |
| ૫. | કલમ-૧૬૩ | TO ISSUE TEMPORARY ORDERS IN URGENT CASES OF NUISANCE OR APPREHENDED DANGER |

સબંધિત ઝોનલ ઓફીસરશ્રીઓએ ઉક્ત કલમોનો અભ્યાસ કરી લેવાનો રહેશે અને આ અધિકારોનો ઉપયોગ ફક્ત ચૂંટણી લક્ષી કામગીરી માટે જ કરવાનો રહેશે તેમજ આ અધિકારોનો દુરઉપયોગ ન થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે. તથા તમામ ઝોનલ ઓફીસરશ્રીઓએ સંબંધીત ચૂંટણી અધિકારીશ્રીની સુચના મુજબ ફરજો બજાવવાની રહેશે. આ હુકમ બાદ ચૂંટણી અધિકારીશ્રી ધ્વારા તેમના મતદાર વિભાગ માટે ઝોનલ ઓફીસરશ્રીઓની નિમણુકમાં ફેરબદલી/સુધારા થાય તો તે ફેરબદલી/સુધારાથી નવા નિયુકત થનાર ઝોનલ ઓફીસરશ્રીને પણ આ હુકમ આપોઆપ લાગુ પડશે.

આ હુકમની અમલવારી ચૂસ્તપણે કરવાની રહેશે.

**ડો. ઓમ પ્રકાશ**
જિલ્લા મેજીસ્ટ્રેટ
રાજકોટ જિલ્લા.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

**વિષય :** પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ હોસ્પિટલ/કલીનિક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત.

### જાહેરનામુ

નં. નાચી/પલસ/વશી/ઈ-૨૩૩૦૬૨/૨૦૨૬.-ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલીના તા. ૧૫-૦૪-૨૦૨૬(અત્રેને મળ્યા તા. ૧૫-૦૬-૨૦૨૬) ના પત્ર નં. આરો-૩૪/પી.સી.પી.એન.ડી.ટી./સી.સી.ટી.વી./જાહેરનામા/દરખાસ્ત/વશી/૧૪૫/૨૦૨૬ થી P.C. And P.N.D.T. ACT-1994 ના અમલીકરણ માટે રચાયેલ સલાહકાર સમિતિમાં અમરેલી જિલ્લામાં જાતિય પરીક્ષણનાં ગુન્હા રોકવા માટે દરેક P.C. And P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી ચાલુ હોસ્પિટલ/કિલનિક કે સંસ્થાઓમાં બિનઅધિકૃત લોકોની અવર-જવર ઉપર દેખરેખ માટે ફરજીયાત ૩૦-દિવસના ઓડિયો-વિડીયો રેકોડીંગ (૨૪×૭ કલાક) બેક અપ સાથે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના હેતુસર જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. જિલ્લામાં જાતિય પરીક્ષણના ગુન્હા રોકવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અમરેલી દ્વારા રજુ થયેલ દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ, હું દિલિપસિંહ ગોહિલ, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે,

૧. અમરેલી જિલ્લાના સમગ્ર P.C. And P.N.D.T. ACT હેઠળ રજીસ્ટ્રેશન ધરાવતી ચાલુ હોસ્પિટલો/કિલનિકો/સંસ્થાઓમાં ફરજીયાત પણે ૩૦-દિવસના સી.સી.ટી.વી. કેમેરાના ઓડીયો-વિડિયો રેકોર્ડીંગ (૨૪×૭ કલાક) બેકઅપ સાથેના સી.સી.ટી.વી. કેમેરા જે તે સ્થળને સમ્પૂર્ણ પણે આવરી લે તેવી રીતે પુરતી સંખ્યામા લગાવવાના રહેશે અને ૨૪×૭ કાર્યરત રાખવાના રહેશે.

૨. સોનોગ્રાફી રૂમમાં નક્કી કરેલ અધિકૃત વ્યકિત/દર્દી સિવાયની બિનઅધિકૃત વ્યકિત પ્રવેશ કરી શકશે નહી, તેમજ સોનોગ્રાફી રૂમની અંદર કે જ્યાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી શકાશે નહિ.

૩. નક્કી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નિકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારનાં દરવાજાનાં ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. જો સોનોગ્રાફી રૂમનાં આવન-જાવનનાં દરવાજા અલગ અલગ હોય તો બન્ને સાઈડ સી.સી.ટી.વી. કેમેરા લગાવાનાં રહેશે.

૪. સંબધંક ડીસ્ટ્રીકટ/સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટીશ્રી દ્વારા જરૂર જણાયે જ્યારે પણ રેકોર્ડીંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજીયાત આપવાનુ રહેશે તેમજ આપેલ બેકઅપમાં કોઈ ત્રુટી જણાયે સંબંધક હોસ્પિટલ/કિલનિક/સંસ્થાની જવાબદારી નકકી કરી પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ-૧૯૯૪ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૧૮-૦૬-૨૦૨૬ થી તા. ૧૬-૦૮-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) સુધીના સમગ્ર સમયગાળા સુધી અમલી રહેશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

**જાહેર વિજ્ઞપ્તિ :**

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/ કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સદરહુ હુકમની મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાની તમામ હોસ્પિટલ/ કલીનીક/સંસ્થાઓમાં જાહેરનામાંની નકલ ચોંટાડીને પ્રસિદ્ધિ કરાવવાની રહેશે તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આ હુકમ અન્વયે અમરેલી જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમરેલી, સંબંધિત તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ તેમજ અમરેલી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૭-જૂન-૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ કર્યો.

અમરેલી, ૧૭ માહે જૂન, સને ૨૦૨૬.

**દિલિપસિંહ ગોહિલ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાળ (ગ્લુટ્રેપ) ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ અંગેનું**

## જાહેરનામું

નં. એમએજી/વશી/જા.ના./૨૨૫-૧/૨૦૨૬.-સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ગુ.પ્રા.ક.બો/પ્રશા/કટમ/૧૦૭(૮૫)/૧૯૯૫-૨૦૯૬/૨૦૨૬, તા. ૦૨-૦૫-૨૦૨૬ થી થયેલ સુચના અનુસાર ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ) જેને ગ્લુ-બોર્ડ અથવા સ્ટીકી તરીકે પણ ઓળખવામાં આવે છે તે ઘાતક અને પ્રતિબંધિત છે. જેનો ઉપયોગ મોટાભાગે ઉંદરોને પકડવા માટે થાય છે. જયારે ઉંદર ગ્લુટ્રેપ વાળી સપાટી પર ચાલે છે અથવા ઉતરે છે ત્યારે ગુંદરની જાળમાં પકડાયા પછી પોતાની રીતે મુક્ત થવામાં અસમર્થ છે. જેના પરીણામે ડીહાઈડ્રેશન, ભુખમરો અને ગુંગળામણના કારણે આખરે પીડાદાયક મૃત્યુ પામે છે. નામ. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ writ Petition (PIL)28/2024, સંદર્ભે તા. ૧૮-૦૭-૨૦૨૪ના ઓરલ ઓર્ડરથી ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ તા. ૦૫-૦૯-૨૦૨૩ ના ''ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ'' અંગેના પરિપત્રના ચુસ્ત અમલીકરણ બાબતે સચોટ કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ છે. તેમજ પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણીની બિનજરૂરી પીડા, વેદના ન આપવા અંગે જોગવાઈ થયેલ છે.

સબબ, પ્રસ્તુત બાબતે નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૨૪-૦૪-૨૦૨૬ ના ઓરલ ઓર્ડની સૂચના અનુસાર સભ્ય સચિવ પ્રાણી ક્રુરતા નિવારણ સમિતિ, અને નાયબ પશુપાલન નિયામકશ્રી, પોરબંદરની તા. ૨૧-૦૫-૨૦૨૬ ની દરખાસ્ત મુજબ અત્રેના પોરબંદર જિલ્લાના વિસ્તારમાં ઉંદર પકડવાની જાળ(ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવુ યોગ્ય જણાય છે.

જેથી હું રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લા, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ, પોરબંદર જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ઉંદર પકડવાની જાળ(ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આદેશ કરૂ છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ અર્થે સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધિ કરવાની રહેશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૨૨-૦૫-૨૦૨૬ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

પોરબંદર, ૨૨ માહે મે, સને ૨૦૨૬.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનું**

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/F-૧૧૯૬/૨૦૨૬.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડુતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને ધ્યાનમાં લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી. તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજિક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહશાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આકસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે અગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૦૭-૦૬-૨૦૨૬ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૦-૦૬-૨૦૨૬ થી તા. ૨૩-૦૬-૨૦૨૬ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સભા, સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહિતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૮-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૮ માહે જુન, સને ૨૦૨૬.

**રેખાબા સરવૈયા**
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી હેઠળનું**

## જાહેરનામું

નં. એમએજી/વશી/ફા.પ્રે./જાહેરનામું/E-70891/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./દરખાસ્ત/૯૫૭/૨૦૨૬, તા. ૦૪-૦૫-૨૦૨૬ થી ઈન્ડીયન કોસ્ટગાર્ડના જવાનો દ્વારા ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ બટના સ્થળે આગામી તા. ૧૧-૦૫-૨૦૨૬ થી તા. ૧૩-૦૫-૨૦૨૬ ના દિવસ-૦૩ (ત્રણ) માટે સમય ક. ૦૬-૦૦ થી ક. ૧૯-૦૦ દરમ્યાન કરવાની હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. આમ ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ પ્રેકટીસ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હુ કમલ ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૧૧-૦૫-૨૦૨૬ થી તા. ૧૩-૦૫-૨૦૨૬ ના કુલ દિવસ-૦૩(ત્રણ) માટે સમય ક. ૦૬-૦૦ થી ક. ૧૯-૦૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ અને પશ્ચિમ ભાગે-૬૦૦ મીટર, ઉત્તર અને દક્ષિણ ભાગે-૬૦૦ મીટર અને ત્યાંથી દરીયામાં આજુ બાજુના વિસ્તારના રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૦૮-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૮ માહે મે, સને ૨૦૨૬.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે**

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૧)/F-1111/૨૦૨૬.-પોરબંદર જિલ્લામાં ક્રિમીનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નીતીના કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય તેમજ ગુન્હાહીત કૃત્યમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય

અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૨૬-૦૫-૨૦૨૬ થી દરખાસ્ત કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું કમલ ચૌધરી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૩૦-૦૫-૨૦૨૬ થી તા. ૨૭-૦૬-૨૦૨૬ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટ વાળા કોઈ પણ જાતના છરી કે છરી જેવું હથિયાર વળે નહી તેવું, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવી છરી સાથે રાખી ફરવાની અથવા તેવી કોઈ બીજી ચીજ લઈ જવી નહી.

૨. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહી.

૬. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવો નહિ.

**આ હુકમ નીચેની વ્યકિતઓને તેમા દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ.**

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાનાં ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલ દરજ્જાના કોઈપણ પોરંબદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫૦૦૦/- પાંચ હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૯-૦૫-૨૦૨૬ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૯ માહે મે, સને ૨૦૨૬.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

## જાહેરનામું

નં. એમએજી/સી/મકાન ભાડે-નોંધણી/F-1105/૧૬૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક નં. LIB/જા.ના./મકાન ભાડા/જાહેરનામું/૧૦૯૦/૨૦૨૬, તા. ૨૩-૦૫-૨૦૨૬ પત્રની વિગતે પોરબંદર જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને ગાંધીજીનું જન્મસ્થળ કિર્તીમંદિર, સુદામા મંદિર, હરી મંદિર, માધવરાય મંદિર વિગેરે જેવા વિવિધ ધાર્મિક સ્થળો તથા પોરબંદર જેટી, બિરલા સિમેન્ટ ફેકટરી, સુપર ગેસ પ્લાન્ટ વિગેરે જેવા વાયટલ ઈન્સ્ટોલેશન આવેલા છે. ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી-અસામાજીક તત્વો શહેરના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે અને જાહેર તથા લોકોની સંપતિને નુકશાન પહોચાડે છે. નજીકના ભુતકાળમાં દેશમાં વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં આતંકવાદી હુમલાઓ થયેલ જેમાં જાનહાની તથા મિલકત હાની થયેલ હતી. આગામી સમયમાં તહેવારો દરમ્યાન તેમજ ઉકત મંદિરો ખાતે હાલ વેકેશનના કારણે બહોળા પ્રમાણમાં જનમેદની એકઠી થતી હોય તેમજ ગુપ્તચર એજન્સીઓ તરફથી અવાર નવાર આતંકવાદી પ્રવૃતિ બાબતે ઈનપુટ મળતા હોય છે. જેથી પરપ્રાંતથી આવતા આવારા તત્વો મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે લોકોના જાન માલ રક્ષણ કરવાની તંત્રની ફરજ છે. જેથી અત્રેના જિલ્લામાં કોઈપણ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપનાર ઉપર જાહેર સલામતિને કારણે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

સમગ્ર પોરબંદર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરેને જગ્યાના માલિક/સંચાલકો જ્યારે પોતાનું કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે પરપ્રાંતીયને ભાડે આપે ત્યારે જે તે વ્યકિતને જગ્યા ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી આધાર પુરાવા તેમજ ઓળખ મેળવીને સબંધિત પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની જાણ કર્યા બાદ જ જગ્યા ભાડે આપે તેમજ જે તે પોલીસ સ્ટેશનને આવી જગ્યા ભાડે રાખનારની તમામ હકીકત અંગે યોગ્ય અને પુરતી ચકાસણી કરે તે રીતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ, હાલના પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા પોરબંદર જિલ્લામાં પરપ્રાંતીયને મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપ્યાની નોંધણી અંગેનું દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું અમોને ઈષ્ટ જણાય છે.

સબબ, હું કમલ ચૌધરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના તમામ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલિકોએ જાતે અથવા અધિકૃત વ્યક્તિઓ મારફતે જો કોઈ પરપ્રાંતીય વ્યકિત અથવા અગર તો આ માટે આવા મકાન માલિકો ખાસ સત્તા આપેલ વ્યકિત/સંસ્થાને અત્રેના જિલ્લામાં મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપે ત્યારે ફરજીયાત નિયમ નમુના મુજબની જાણ સબંધિત પોલીસ સ્ટેશન કરવાની રહેશે.

**મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરેના માલિકો જગ્યા ભાડે આપતી વખતે સબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાનું નિયત નમુનો**

| ક્રમ | મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યાના માલિક/સંચાલકનું નામ, સરનામું, ટેલીફોન નંબર/મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજની વિગત જેમાં કયાં વિસ્તારમાં આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. છે ? | મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ/સરનામું/ટેલીફોન નંબર/મોબાઈલ નંબર | મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગરે કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસિક ભાડું કેટલું છે? | જે વ્યકિતને મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગરે ભાડે આપેલ છે તેનું પુરૂ નામ તથા સરનામું તથા હાલનું સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર, ફોટોગ્રાફ વિગેરે | જે વ્યકિતને મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગરે ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સબંધીના નામ/સરનામા/મોબાઈલ નંબર | મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરેના ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |

આ જાહેરનામુ તા. ૨૬-૦૫-૨૦૨૬ થી તા. ૨૪-૦૭-૨૦૨૬ (આ જાહેરનામું બીજો હુકમ થતાં) સુધી અમલમાં રહેશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર દ્વારા આ હુકમ પોરબંદર જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી અર્થે સમગ્ર જિલ્લામાં જાહેર જનતા જોઈ શકે તેવા વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવેલ તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૬-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો મારી પ્રસિધ્ધ કરવામાં અવ્યું.

જુનાગઢ, ૨૬ માહે મે, સને ૨૦૨૬.

**કમલ ચૌધરી**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી હેઠળનું જાહેરનામું

નં. એમએજી/વશી/ફા.પ્રે./જાહેરનામું/E-272139/F-1290/૨૦૨૬.- પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./દરખાસ્ત/૧૨૨૪/૨૦૨૬, તા.૧૭-૦૬-૨૦૨૬ થી INS સરદાર પટેલના જવાનો દ્વારા ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ બટના સ્થળે આગામી તા. ૨૪-૦૬-૨૦૨૬ થી તા. ૨૫-૦૬-૨૦૨૬ ના દિવસ-૦૨ (બે) માટે સમય ક. ૦૬-૦૦ થી ક. ૧૯-૦૦ દરમ્યાન કરવાની હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. આમ ઉક્ત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ પ્રેકટીસ સબબ સવાલવાળા સ્થળની આજુબાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકશાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હુ એ.ડી.મિયાત્રા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૪-૦૬-૨૦૨૬ થી તા. ૨૫-૦૬-૨૦૨૬ ના કુલ દિવસ-૦૩(ત્રણ) માટે સમય ક. ૦૬-૦૦ થી ક. ૧૯-૦૦ સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ અને પશ્ચિમ ભાગે-૯૦૦ મીટર, ઉત્તર અને દક્ષિણ ભાગે-૯૦૦ મીટર અને ત્યાંથી દરીયામાં આજુ બાજુના વિસ્તારના રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૨૦-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૦ માહે જુન, સને ૨૦૨૬.

**એ. ડી. મિયાત્રા**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

## જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં.૧૪૫૯/(૨/૩)/ફાટકનં. ૨૦૫-બીજા.ના./૨૬.- શિહોર ખાતે આવેલ શિહોરથી ઘાંઘળી તરફ જતા રસ્તા પર રેલ્વે લાઈનના ફાટક નં. ૨૦૫/B પર ઓવરબ્રીજના કામે અત્રેથી તા. ૧૭-૦૩-૨૦૨૬ ના જાહેરનામાથી શિહોરથી ઘાંઘળી તરફ તેમજ ઘાંઘળીથી શિહોર તરફ આવતા-જતા વાહનો માટે ડાયવર્ઝન રૂટ અંગેનું તા. ૧૭-૦૪-૨૦૨૬ ની મુદત સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહું ઓવરબ્રીજની કામગીરી અંદાજીત ૧૦ (દસ) માસ સુધી સતત ચાલુ રહેવાની હોય ઉક્ત જાહેરનામાની મુદતમાં વધારો કરી આપવા Manager(Pro.), PIU, Bhavnagar, GUDC ના તા. ૧૮-૦૪-૨૦૨૬ ના પત્રથી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્તની વિગતે જાહેરનામું પાડવું ઉચિત જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી શિહોર ખાતે આવેલ શિહોરથી ઘાંઘળી તરફ જતા રસ્તા પર રેલ્વે લાઈનના ફાટક નં. ૨૦૫/B પર રેલ્વે ઓવરબ્રીજના કામે તા. ૨૧-૦૪-૨૦૨૬ થી તા. ૨૦-૦૫-૨૦૨૬ સુધી શિહોરથી ઘાંઘળી તરફ તેમજ ઘાંઘળીથી શિહોર શહેર તરફ આવતા વાહનો માટે નીચે મુજબના ડાયવર્ઝન રૂટ પરથી વાહનો પસાર કરવા ફરમાવું છું.

**માત્ર ટુ-વ્હીલર તથા ફોર વ્હીલર વાહનોની અવરજવર માટે :**

૧. શિહોરથી વાયા શિહોર GIDC થઈ ઘાંઘળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી વાયા નેસડા ગામ થઈ વલ્લભીપુર તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

૨. વલ્લભીપુર તરફથી વાયા ઘાંઘળી શિહોર GIDC થઈ શિહોર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ઘાંઘળીથી વાયા નેસડા ગામ થઈ શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

**મોટા વાહનોની અવરજવર માટે :**

૧. શિહોરથી વાયા શિહોર GIDC થઈ ઘાંઘળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી રાજપરા (ખોડીયાર) થી નવાગામ (ચીલોડા) થી રંગોલી ચોકડી થઈ ભાવનગર-વલ્લભીપુર હાઈવે રોડ ઉપર કરદેજથી ઉંડવીથી નેસડાથી ઘાંઘળી તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

૨. વલ્લભીપુર તરફથી વાયા ઘાંઘળી શિહોર GIDC થઈ શિહોર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ઘાંઘળીથી નેસડાથી ઉંડવીથી કરદેજથી રંગોલી ચોકડી થઇ ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર નવાગામ (ચીલોડા) થી રાજપરા (ખોડીયાર) થી શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૧-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં.૧૫૧૪/(૨/૬)/જાહેરનામું/ડોળી/૨૬.- પાલીતાણા ગીરીરાજ જૈન તીર્થ ખાતે વિવિધ જૈન સંઘ અને આગેવાનો દ્વારા ડોળીમાં યાત્રા કરનાર યાત્રિકો પાસેથી ગેરકાયદેસર રીતે રૂા. ૨૦/- ઉઘરાવવામાં આવતા હોવાની વ્યાપક રજુઆત બાબતે મજુર સંઘોના નાયબ નોંધણી અધિકારી અને નાયબ શ્રમ આયુક્તશ્રી રાજકોટે તા. ૨૮-૦૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : ના.શ્ર.આ/રાજ/૨૦૨૫/૫૮૯ થી ટ્રેડ યુનિયન એક્ટ-૧૯૨૬ હેઠળ નોંધાયેલ કોઈ ટ્રેડ યુનિયન કોઈ યાત્રિક પાસે યુનિયનના નામે રૂા. ૨૦/-ની પહોંચના ઉઘરાવી શકે નહી કે તેઓની કચેરીએથી સદર યુનિયનને આ માટે કોઈ મંજુરી આપવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે. આમ, ડોળી કામદાર યુનિયન (રજીસ્ટ્રેશન નં. G/R/113/2023) તથા ડોળી લેબર યુનિયન ગ્રામ્ય-સીટી પાલીતાણા (રજીસ્ટ્રેશન નં. G.6244) બન્ને ડોળી યુનિયનો The Trade Unions Act 1926 હેઠલ નોંધાયેલ ટ્રેડ યુનિયન હોઈ જેથી કાયદેસર રીતે યુનિયનના નામે રૂપિયા ૨૦/- ઉઘરાવી શકે નહી.

પાલીતાણા ડોળી એસોસીએશનના સુગમ અને સુદ્રઢ સુચાલન માટે સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાલીતાણાની અધ્યક્ષતામાં તા. ૨૬-૧૨-૨૦૨૫ના રોજ યોજાયેલ બેઠકમાં યુનિયન દ્વારા યુનિયનના નામે ઉઘરાવવામાં આવતી રૂ. ૨૦/- ની રકમ યાત્રિકો પાસેથી વસુલ કરવાનું હાલ તાત્કાલિક ધોરણે બંધ કરવા તેમજ આ બાબતે નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ નાનુભાઈ સંચાલિત યુનિયન દ્વારા કરવામાં આવેલ પીટીશનમાં નામ. હાઈકોર્ટનો નિર્ણય મુજબ અમલવારી કરવા ઠરાવેલ.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના તા. ૨૪-૦૩-૨૦૨૬ના પત્રથી રજૂ થયેલ દરખાસ્ત અનુસાર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાલીતાણાના તા. ૦૮-૦૪-૨૦૨૬ના પત્ર નં. એમ.એ.જી./ડોળી એસો./જાહેરનામુ/૨૬ થી નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ નાનુભાઈ સંચાલિત યુનિયન દ્વારા કરવામાં આવેલ પીટીશનમાં નામ. ગુજરાત હાઈકોર્ટનો નિર્ણય આખરી રહેવાની શરતે યુનિયન દ્વારા યુનિયનના નામે રૂ. ૨૦/- યાત્રિકો પાસે ઉઘરાવવામાં ન આવે તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાયસહ અહેવાલ રજૂ થયેલ છે. જે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(કક) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર તા. ૧૭-૦૪-૨૦૨૬ થી તા. ૧૬-૦૫-૨૦૨૬ સુધી નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ નાનુભાઈ સંચાલિત યુનિયન દ્વારા કરવામાં આવેલ પીટીશનમાં નામ. ગુજરાત હાઈકોર્ટનો નિર્ણય આખરી રહેવાની શરતે પાલીતાણા ગિરીરાજ જૈન તીર્થ ખાતે ડોળી યુનિયન દ્વારા યુનિયનના નામે રૂ. ૨૦/- યાત્રિકો પાસેથી ઉઘરાવવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલ ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલથી ઉતરતા દરજ્જાના હોય તેવા અધિકારીને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૭-૦૪-૨૦૨૬ ના મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં.૧૫૧૪/(૨/૬)/જાહેરનામું/ડોળી/૨૬.- પાલીતાણા ડોળી એસોસીએશનના સુગમ અને સુદ્રઢ સુચાલન માટે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાલીતાણાની અધ્યક્ષતામાં તા. ૨૬-૧૨-૨૦૨૫ના રોજ યોજાયેલ બેઠકમાં ગિરિરાજ પર બહોળા પ્રમાણમાં યાત્રિકો આવતા હોઈ, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવણી તેમજ યાત્રિકોની સુવિધા, સુરક્ષા, સલામતી અને સગવડ ધ્યાને લેતા ગિરિરાજ ઉપર જતી ડોળીઓની એક જ સ્થળેથી નોંધણી થાય તે ઉચિત જણાતુ હોઈ, ડોળી લેબર યુનિયન ગ્રામ્ય-સીટી પાલીતાણા એ મજુર સંઘોના નાયબ નોંધણી અધિકારી અને નાયબ શ્રમ આયુકતશ્રીની કચેરી, રાજકોટ ખાતે નોંધાયેલ યુનિયન હોઈ તેમજ ડોળી સુચાલન સમિતિના સભ્યશ્રી પણ હોઈ, જેથી ગિરિરાજ ઉપર જતી ડોળીઓ, ડોળી ઉપાડનારા તથા યાત્રિકોનું વિનામુલ્યે રજીસ્ટ્રેશન આ યુનિયન મારફત થાય તેમજ ડોળી મારફત ગિરિરાજ ઉપર જતા તમામ યાત્રિકોની સુરક્ષા અને સલામતીની જવાબદારી આ યુનિયનની રહેશે. તેમજ ભવિષ્યમાં સરકાર માન્ય એનએજી/ટ્રસ્ટ/અન્ય કોઈ ડોળી યુનિયન દ્વારા આવી કોઈ માંગણી થયેથી ડોળી સુચાલન સમિતિ દ્વારા વિચારણા કરી નિર્ણય લેવા ઠરાવેલ.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના તા. ૨૪-૦૩-૨૦૨૬ના પત્રથી રજૂ થયેલ દરખાસ્ત અનુસાર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાલીતાણાના તા. ૦૮-૦૪-૨૦૨૬ના પત્ર નં. એમ.એ.જી./ડોળી એસો./જાહેરનામુ/૨૬ થી પાલીતાણા ખાતે ગિરિરાજ ઉપર જતી ડોળીઓ, ડોળી ઉપાડનારા તથા યાત્રિકોની નોંધણી ડોળી લેબર યુનિયન ગ્રામ્ય-સીટી સિવાય અન્ય કોઈ દ્વારા ન થાય તેમજ ભવિષ્યમાં સરકાર માન્ય એનજીઓ/ટ્રસ્ટ/અન્ય કોઈ ડોળી યુનિયન દ્વારા આવી કોઈ માંગણી થયેથી ડોળી સુચાલન સમિતિ દ્વારા વિચારણા કરી નિર્ણય લેવામાં આવે તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાયસહ અહેવાલ રજૂ થયેલ છે. જે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(કક) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર તા. ૧૭-૦૪-૨૦૨૬ થી તા. ૧૬-૦૫-૨૦૨૬ સુધી ડોળી લેબર યુનિયન ગ્રામ્ય-સીટી સિવાય અન્ય કોઈ દ્વારા ગિરિરાજ ઉપર જતી ડોળીઓની નોંધણી કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલ ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલથી ઉતરતા દરજ્જાના હોય તેવા અધિકારીને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૭-૦૪-૨૦૨૬ ના મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

## જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં.૧૫૨૨(૨/૫)/જા.ના./એકમાર્ગીય/૨૦૨૬.- આગામી તા. ૧૯-૦૪-૨૦૨૬ થી તા. ૨૦-૦૪-૨૦૨૬ સુધી અખાત્રીજનો જૈન સમાજ મેળો પાલીતાણા ખાતે યોજાનાર છે. આ મેળાનું આયોજન જૈન આણંદજી કલ્યાણજી પેઢી તરફથી પાલીતાણા તળેટી, ગીરીરાજ ડુંગર વિગેરે વિસ્તારોમાં કરવામાં આવે છે. જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી વાહન વ્યવહાર ખોરવાઈ ન જાય તેમ ટ્રાફિક અવ્યવસ્થા ન સર્જાય, અકસ્માતો થતા નિવારી શકાય તે માટે ટ્રાફિક નિયમન રખાવવું જરૂરી હોય જેથી નીચે જણાવેલ રસ્તાઓને તા. ૧૯-૦૪-૨૦૨૬ થી તા. ૨૦-૦૪-૨૦૨૬ સુધી દિન-૨ માટે ''એક માર્ગીય'' જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/૪-એચએ/જા.નામું/૧૬૧૩/૨૦૨૬, તા. ૧૩-૦૪-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું ઉચિત જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી પાલીતાણા શહેરમાં નીચેના રસ્તાઓને તા. ૧૯-૦૪-૨૦૨૬ ના સવારના ૦૮-૦૦ કલાક થી તા. ૨૦-૦૪-૨૦૨૬ ના ૨૪-૦૦ કલાક સુધી ''એકમાગીય'' રસ્તા જાહેર કરું છું.

**રસ્તાનું નામ :**

(૧) સોનગઢથી પાલીતાણા શહેર તરફ આવતા રસ્તાને પાલીતાણા, ગારીયાધાર, ઘેટી, આદપુર તરફ જતા વાહનોને ભાવનગર રોડ રેલ્વે ક્રોસીંગથી જમણી બાજુ જતાં બાયપાસ રોડ થઈ સરદારનગર ચોકડી થઈ, ગારીયાધાર રોડ, ત્રણ રસ્તા થઈ સિંધી કેમ્પ, મહાવીર પેટ્રોલ પંપ થઈને છેલ્લા ચકલા પાલીતાણા હાઈસ્કુલ પાર્કીંગ મેદાન સુધી.

(૨) પાલીતાણા શહેરમાં પ્રવેશતા વાહનો માટે પાલીતાણા ભૈરવનાથ ચોકથી મહાવીર પેટ્રોલ પંપ, માનસિંહજી હોસ્પીટલ, છેલ્લા ચકલાથી પાલીતાણા હાઈસ્કુલ પાર્કીંગ મેદાન સુધી.

(૩) પાલીતાણા હાઈસ્કુલથી આરીસાભુવન સામે થઈ સાદડી ભુવન ધર્મશાળા સામે થઈ ભીલવાડા થઈ વણકરવાસ, લાવારીસ એસ.ટી. સ્ટેન્ડ, ઓવરબ્રીજ ઉપરથી થઈ સીધા જ બજરંગબાપા ચોક થઈને બહાર જવાનું રહેશે.

(૪) પાલીતાણા હાઈસ્કુલથી છેલ્લા ચકલા સુધી કોઈ વાહન પાછું આવી શકશે નહીં કે પાર્કીંગ કરી શકશે નહીં.

આ જાહેરનામાની જોગવાઈમાંથી પોલીસ વિભાગના મહેસુલ વિભાગના તેમજ જાહેર સુખાકારી માટે નગરપાલિકાએ મુકેલા વાહનોને મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામાની અવધિ દરમ્યાન વૃધ્ધ, અશકત, યાત્રીકોને લાવવા/લઈ જવા માટે વાહનોના ઉપયોગની પરવાનગી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાલીતાણા આપી શકશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા ફરજ ઉપરના કોઈપણ અધિકારીશ્રી અધિકૃત રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધ કરવાનું હું ફરમાવું છું.

આજ તા. ૧૭-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

## જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં.૧૫૨૨(૨/૫)/જા.ના./નો પાર્કીંગ/૨૦૨૬.- આગામી તા. ૧૯-૦૪-૨૦૨૬ તથા તા. ૨૦-૦૪-૨૦૨૬ના રોજ અખાત્રીજનો જૈન સમાજનો મેળો યોજાનાર છે. જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે હેતુસર '''પાલીતાણા ટાઉનના છેલ્લા ચકલા થી જય તળેટી સુધીનાં જાહેર રોડની બંને સાઈડમાં'' તા. ૧૯-૦૪-૨૦૨૬ થી તા. ૨૦-૦૪-૨૦૨૬ (દિન-૨) માટે વાહન પાર્કીંગ ન કરે તે માટેનું ''નો પાર્કીંગ'' નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/જ-એચએ/જા.નામું/૧૬૧૪/૨૦૨૬, તા. ૧૩-૦૪-૨૦૨૬ થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું ઉચિત જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું, એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી પાલીતાણા ટાઉનના છેલ્લા ચકલાથી જય તળેટી સુધીનાં જાહેર રોડની બંને સાઈડમાં વાહનો પાર્કીંગ ન કરવા તા. ૧૯-૦૪-૨૦૨૬ થી તા. ૨૦-૦૪-૨૦૨૬ (દિન-૨) માટે ''નો પાર્કીંગ ઝોન'' જાહેર કરૂં છું.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલ થી નીચેના દરજ્જાના ન હોય તેવા ફરજ ઉપરના કોઈપણ અધિકારીશ્રી અધિકૃત રહેશે.''

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૭-૦૪-૨૦૨૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

## જાહેરનામુ

નં. ડીએમ-૧/ફા.નં.૧૪૧૭/ફાયરીંગ બટ/NCC/૨૦૨૬.- ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે તા. ૧૭-૦૪-૨૦૨૬ દિન-૧ માટે NCC કેડેટસની ફાયરીંગ પ્રેકટીસની તાલીમનું આયોજન કરેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટના સ્થળની પેરિફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલા રૂપે જાહેરનામુ બહાર પાડવા કચેરી અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, ભાવનગરના પત્ર નં. ૮૭/સીબી-૨/ફાયરીંગ બટ/૫૫૪/૨૦૨૬, તા. ૧૫-૦૪-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ) થી મળેલ અધિકારીની રૂઈએ હું, એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨-૧૯-૫૩ આરે. માં આવેલ છે તે સ્થળ તથા તેની પેરીફેરીથી આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તા. ૧૭-૦૪-૨૦૨૬ દિન-૧ માટે કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે. આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તા. ૧૬-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૧૬ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા. નં. ૧૪૮૭(૨/૫)/હ.બં.જા.ના/મે-જુન/૨૬.- આગામી મે/૨૦૨૬-જુન/૨૦૨૬ના માસ દરમિયાન તા. ૨૩-૦૫-૨૦૨૬ ના દુર્ગાષ્ટમી, તા. ૨૭-૦૫-૨૦૨૬ ના કમલા એકાદશી, તા. ૨૮-૦૫-૨૦૨૬ ના બકરી ઈદ, તા. ૦૩-૦૬-૨૦૨૬ ના સંકષ્ટ ચતુર્થી, તા. ૦૮-૦૬-૨૦૨૬ ના કાલાષ્ટમી તથા તા. ૧૭-૦૬-૨૦૨૬ના મહારાણા પ્રતાપ જયંતી વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા છે. આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન સુલેહ-શાંતિ જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડનાં પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/હ.બં.જા.ના./૨૧૭૬/૨૦૨૬, તા. ૧૮-૦૫-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે અનુસાર જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું, એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છુ કે નીચેના પરિશિષ્ટમા દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૩-૦૫-૨૦૨૬ થી તા. ૨૧-૦૬-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી કોઈએ,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, છરી, કુંહાડી, ધારીયા, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવુ કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈ પણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(ચ) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહી.

(૭) પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપીંગ મોલ કે સિનેમા હોલ કે ઓડીટોરીયમ કે નાટય ગૃહ તથા ટાઉન હોલમાં પ્રવેશવું નહીં.

**: પરિશિષ્ટ :**

**''ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર''**

**આ જાહેરનામું નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથિયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉત્તરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓને દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

(૮) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૬-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૬ માહે મે, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં.ડીએમ-૧/ફા.નં.૧૫૩૨/(૨/૪)/જા.ના./સ્પા.-ભાવનગર જિલ્લામાં રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવ્યાપાર તથા અન્ય બિનકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાઈ આવેલ છે.

તેમજ ભુતકાળમાં બનેલ કેટલાક બનાવો/ઘટનાઓથી જણાઈ આવેલ છે કે અસામાજિક તત્વો આવી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારૂ જિલ્લા વિસ્તારમાં ચાલતા સ્પા/મસાજ સેન્ટરોમાં ભારતીય/વિદેશી મહિલાઓ મસાજની આડમાં કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવ્યાપાર તથા અન્ય બિનકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવેલ છે.

વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ આવા બનાવો/ઘટનાઓની સમાજમાં વિપરીત અસર ન થાય તે હેતુથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુનાહિત કૃત્યો અટકાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એસઓજી/સ્પા જા.નામું/૧૯૦/૨૬ તા. ૧૦-૦૪-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું, એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર જિલ્લાના વિવિધ રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ચાલતા કેટલાક સ્પા/મસાજ પાર્લરોની આડમાં કેફી દ્રવ્યોનું સેવન, દેહવ્યાપાર તથા અન્ય બિનકાયદેસર અને ગુનાહિત પ્રવૃત્તિઓ ચલાવવા પર પ્રતિબંધ જાહેર કરૂ છું તેમજ સ્પા/મસાજ સેન્ટરોના માલીકો/સંચાલકોએ નીચેની વિગતો ફરજિયાત સબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

| અ. નં. | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧. | સ્પા/મસાજ પાર્લર, એકમનું નામ, માલિક/સંચાલકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર | |
| ૨. | સ્પા/મસાજ પાર્લરમાં કામ કરતા તમામ કર્મચારીની ફોટા સહિતની સંપુર્ણ વિગત | |
| | (૧) જો તેઓ ભારતીય હોય તો તેના ઓળખના પુરાવા જોડવા. | |
| | હાલનું સરનામું | |
| | મુળ વતનનું સરનામું | |
| | ફોન નં. (ઘર) (ઓફીસ) (મો.નં.) | |
| | (૨) જો તેઓ વિદેશી હોય, તો<br>- તેમના પાસપોર્ટની વિગત : (પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.)<br>- કયા વિઝા પર ભારતમાં આવેલ છે તેની વિગત : | |
| | હાલનું સરનામું : | |
| | ફોન નં. (ઘર) (ઓફીસ) (મો.નં.) | |

| | | | | |
|---|---|---|---|---|
| | સ્પા/મસાજપાર્લર ચલાવનાર/સંચાલકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો | કામ કરતા કર્મચારીઓનો પાસપોર્ટ સાઈઝનો ફોટો | પોલીસ સ્ટેશનના સહી/ સિક્કા અને તારીખ | |
| | સ્પા/મસાજ પાર્લર ચલાવનારની સહી<br>સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગત : | કામ કરતા કર્મચારીની સહી | | |
| ૩. | **: નિયમો :** | | | |
| | ૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે.<br>૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય, તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.<br>૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જે-તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.<br>૪. સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ, રજુ કરવાના રહેશે. | | | |
| | ૫. ગુમાસ્તા ધારા હેઠળનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. | | | |
| | ૬. જી.એસ.ટી. નંબર મેળવવાનો રહેશે. | | | |

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૫-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

રાજકોટ, ૨૫ માહે મે, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં. ડીએમ-૧/ફા. નં. ૧૨૦૨/ડ્રોન (UAV)/જા.ના./૨૦૨૬.-ભાવનગર જિલ્લામાં આવેલ સેન્સેટીવ ઝોન અથવા વાઈટલ ઈન્સ્ટોલેશનો જેવા કે, આઈ.ઓ.સી.-એલ.પી.જી. રીફલીંગ બોટલીંગ પ્લાન્ટ તગડી, નવું ફિલ્ટર ભાવનગર, જુનું ફિલ્ટર ભાવનગર, મોબાઈલ ટેલીફોન એક્ષચેન્જ, રેલ્વે સ્ટેશન વર્કશોપ ભાવનગર, ટેલીફોન એક્ષચેન્જ પાનવાડી ભાવનગર, જેટકો સબ સ્ટેશન ભાવનગર, ભાવનગર એરપોર્ટ, ટીવી રીલે સેન્ટર ભાવનગર, સ્ટીલ જેટી નવા બંદર, ફુડ ગોડાઉન જુના બંદર, આઈ.ઓ.સી. ડેપો જુના બંદર, હેડ પોસ્ટ ઓફીસ ભાવનગર, ટ્રાન્સમીશન સ્ટેશન ચાવડી ગેટ, જેટકો સબ સ્ટેશન વરતેજ, ઘોઘા બંદર, શીપ બ્રેકીંગ યાર્ડ અલંગ, ટેલીફોન એક્ષચેન્જ તળાજા, જેટકો સબ સ્ટેશન તળાજા, જેટકો સબ સ્ટેશન નેસવડ, મહુવા બંદર, ટેલીફોન એક્ષચેન્જ પાલીતાણા, જેટકો સબ સ્ટેશન પાલીતાણા, શેત્રુંજી ડેમ, સેન્ટ્રલ સોલ્ટ ભાવનગર વિગેરે સંસ્થાનોને રેડ/યલો ઝોનમાં ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયની એસ.ઓ.પી. મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. જેમાં ભાવનગર જિલ્લામાં કુલ-૨૬ સ્થળોને રેડ/યેલો ઝોનમાં મુકવામાં આવેલ છે.

ભાવનગર જિલ્લો ભારતનો પશ્ચિમ દરિયાઈ વિસ્તાર ધરાવે છે. પાકિસ્તાન દ્વારા માછીમારીના નામ હેઠળ ઘુસણખોરીનો પ્રયાસ કરી UAV(Unmanned Aerial Vehicle) કે જેમાં રિમોટ કંટ્રોલ સંચાલિત કેમરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલિકોપ્ટર, રિમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને અત્રેના જિલ્લાની સુરક્ષાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય નહી તેમજ તાજેતરમાં જમ્મુ કાશમીરમાં બનેલ ડ્રોન હુમલાના બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી અત્રેના જિલ્લામાં આતંક ફેલાવી સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકસાન કરે તેવી શક્યતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV(Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી છે.

જેથી ઉપર મુજબના UAV(Unmanned Aerial Vehicle) ની સંપુર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતાની વિગતો સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવા તેમજ અત્રેના જિલ્લાના તમામ વાઈટલ ઈન્સ્ટોલેશનના બે કિલોમીટરના પરિઘમાં '' UAV(Unmanned Aerial Vehicle) ફલાય ઝોન'' જાહેર કરવા અને નેનો ડ્રોન એટલે કે ૨૫૦ ગ્રામ અથવા ૨૫૦ ગ્રામ કરતા ઓછા વજનના ડ્રોન સિવાયના UAV(Unmanned Aerial Vehicle) નો ઉપયોગ કરતા પહેલા ચોવીસ કલાક અગાઉ જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો છે તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જને જાણ કરવા અને જો ડ્રોન કે અન્ય UAV(Unmanned Aerial Vehicle) સંસાધન કોઈને ભાડે આપવામાં આવે તો તેની જાણ ભાડે આપતા અગાઉ ચોવીસ કલાક પહેલા નજીકના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જને કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/ડ્રોન/જાહેરનામું/૧૪૨૪/૨૦૨૬, તા. ૦૪-૦૪-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

સબબ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર UAV(Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈ, હેલિકોપ્ટર, રિમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર ચલાવનાર સંચાલક કે જેઓ પોતાના અંગત વ્યવસાય માટે રાખતા હોય છે તેઓએ આ UAV(Unmanned Aerial Vehicle) ની સંપુર્ણ માહિતી જેવી કે મોડલ નંબર, વજન, ક્ષમતાની વિગતો સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવા તેમજ નેનો ડ્રોન એટલે કે ૨૫૦ ગ્રામ અથવા ૨૫૦ ગ્રામ કરતા ઓછા વજનના ડ્રોન સિવાયના UAV(Unmanned Aerial Vehicle) નો ઉપયોગ કરતા પહેલા ચોવીસ કલાક અગાઉ જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો છે તે વિસ્તારના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જને અને જો ડ્રોન કે અન્ય UAV(Unmanned Aerial Vehicle) સંસાધન કોઈને ભાડે આપવામાં આવે તો ભાડે આપવાના ચોવીસ કલાક અગાઉ નજીકના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જને તેની જાણ કરવા ફરમાવું છું અને નીચે મુજબના સ્થળો/વિસ્તારના બે કિલોમીટરના પરિઘમાં ''નો UAV(Unmanned Aerial Vehicle) ફ્લાય ઝોન'' જાહેર કરૂ છું.

| Name of Place | Full Postsl Address | Remmendation as per point no. 4 of SOP of MHA Dated 16-12-2016 | Recommended Zone (Red/Yellow) | Latitude | Longitude |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| I.O.C.-L.P.G. Refilling Bottling Plant Tagdi Dist. Bhavnagar | At-Village Tagdi Dist. Bhavnagar | j | Red | 21.68484 | 72.19084 |
| New Filter House College Road, Bhavnagar | College Road, Vidyanagar, Bhavnagar | j | Yellow | 21.7614 | 72.1435 |
| Old Filter House Near Nilambuag, Bhavnagar | Nilambaug Circle, Bhavnagar | j | Yellow | 21.76795 | 72.13284 |
| Mobile Telephone Exchange, Bhavnagar | Panvadi Bhavnagar | m | Yellow | 21.76962 | 72.13977 |
| Railway Station & Workshop Bhavnagar | Station Road, Alka Cinema Road, Bhavnagar-364001 | m | Yellow | 21.78161 | 72.14218 |
| Telephone Exchange, Panvadi, Bhavnagar | Panvadi, Bhavnagar-364001 | m | Yellow | 21.76995 | 72.13866 |
| Telephone Exchange, Bhavnagar | Panvadi, Bhavnagar-364001 | m | Yellow | 21.77033 | 72.13883 |
| Sub Station GETCO Bhavnagar | Near Chawdi Gate Police Choki, Bhavnagar-364001 | j | Red | 21.77356 | 72.13496 |
| Bhavnagar Airport | Airport Road, Subhash-nagar Bhavnagar | e | Red | 21.7538 | 72.1834 |
| T.V. Relay Center Ghogha Bhavnagar | Near Ghogha Circle, T.V. Relay Centre Road, Bhavnagar | m | Yellow | 21.76324 | 72.15908 |
| Steel Jetty Old & New Port Bhavnagar | New Port Road Bhavnagar | j | Red | 21.7611 | 72.2327 |
| Food Godam Old Port, Bhavnagar | Old Port Road Bhavnagar | m | Yellow | 21.78149 | 72.09636 |
| IOC Depo. Old Port, Bhavnagar | Old Port Road, Bhavnagar | j | Red | 21.7983 | 72.15178 |
| Head Post Office Bhavnagar | High Court Road Bhavnagar-364001 | m | Yellow | 21.775 | 72.1479 |
| Transmission Station Bhavnagar | Near Chawdi Gate Police Choki, Bhavnagar-364001 | m | Red | 21.77417 | 72.13479 |
| Sub Station GETCO At : Vartej, Dist. Bhavnagar | Bhavnagar Rajkot Road, At-Village Vartej Taluka & Dist. Bhavnagar | j | Red | 21.74207 | 72.07169 |
| Ghogha Port | Ghogha Jetty Ghogha Dist. Bhavnagar | j | Red | 21.692192 | 72.27711 |

| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|---|
| Ship Breaking Yard Alang Dist. Bhavnagar | Village-Alang Sosiya Taluka Talaja, Dist. Bhavnagar | m | Yellow | 21.407331 | 72.19427 |
| Telephone Exchange Talaja Dist. Bhavnagar | Bhavnagar Mahuva Road Royal Cross Road At-Talaja, Dist. Bhavnagar | m | Yellow | 21.364674 | 72.030933 |
| Sub Station GETCO Talaja Dist. Bhavnagar | Near Talaja Court, Old Bridge Road, At Talaja, Dist. Bhavnagar | j | Red | 21.362036 | 72.032624 |
| Sub Station GETCO Nesvad, Mahuva, Bhavnagar | Village Nesvad Taluka Mahuva Dist. Bhavnagar | j | Red | 21.09782 | 71.74493 |
| Mahuva Port, Mahuva | Mahuva Port Mahuva Dist. Bhavnagar | j | Red | 21.09215 | 71.76812 |
| Telephone Exchange Palitana | Gariyadhar Road, Palitana Dist. Bhavnagar | m | Yellow | 21.52941 | 71.821689 |
| Sub Station GETCO Palitana | Hava Mahel Road, Palitana Dist. Bhavnagar | j | Red | 21.501825 | 71.84701 |
| Shetrunji Dam | Village Setrungi Dam, Palitana-Talaja Road, Taluka Palitana Dist. Bhavnagar | j | Yellow | 21.4791 | 71.8807 |
| Central Salt, Bhavnagar | Central Salt, Bhavnagar | j | Red | 21.759064 | 72.144356 |

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૭-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં.ડી.એમ.-૧/ફા.નં.૧૪૩૪/(૨/૪)/લોકરક્ષક પરીક્ષા/૨૬.-પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર દ્વારા લોકરક્ષકની ભરતી માટેની લેખિત પરીક્ષા ભાવનગર શહેરમાં કુલ-૩૫ પરીક્ષા કેન્દ્રો ઉપર આગામી તા. ૧૪-૦૬-૨૦૨૬ના રોજ બપોરના ૦૯-૩૦ થી ૧૨-૩૦ કલાક દરમ્યાન લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, એન. ડી. ગોવાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ આગામી તા. ૧૪-૦૬-૨૦૨૬ના રોજ પોલીસ ભરતી બોર્ડ દ્વારા લેવાનાર ઉક્ત પરીક્ષા દરમ્યાન આ સાથે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેક્સ/સ્કેનરનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ, સ્કેનર, તેમજ ફેક્સ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક ગેઝેટ લઈ જવા કે તેના ઉપયોગ પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કેન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

જેને પરીક્ષા દરમ્યાન સોંપાયેલી ફરજનાં ભાગરૂપે/કામગીરી અર્થે જરૂરી હોય અથવા સક્ષમ કક્ષાએથી એવું ફરમાવેલ હોય તેમને આ જાહેરનામામાં જણાવેલ ક્રમ નં. ૩ અને ૪ના પ્રતિબંધો લાગુ પડસે નહિ.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા તથા ફોજદારી કામ માંડવા માટે હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરવાનું હું ફરમાવું છું.

આજ તા. ૧૨-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

---

| ક્રમ | પોલીસ સ્ટેશનનું નામ | સેન્ટર કોડ | સ્કુલ/કોલેજનું નામ | બ્લોક | ઉમેદવાર | CCTV હા/ના | પ્રીન્સીપાલનું નામ તથા મોબાઈલ નંબર | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૧૦ |
| ૧ | નિલમબાગ | BN-23 | નંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, નિલમબાગ સર્કલ, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી આર. કે. ગોહિલ મો.નં.૯૯૭૯૦૮૯૯૫૧ | |
| ૨ | નિલમબાગ | BN-4 | સીસ્ટર નિવેદીતા કન્યા વિદ્યાલય, નિલમબાગ સર્કલ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી દીપાલીબેન પંડ્યા મો.નં.૮૮૪૯૬૫૩૫૯૯ | |
| ૩ | નિલમબાગ | BN-5 | દોલત અનંત વળીયા હાઈસ્કુલ, શાસ્ત્રીનગર, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી જયદીપસિંહ ગોહિલ મો.નં.૯૬૦૧૬૧૮૧૪૫ | |
| ૪ | નિલમબાગ | BN-22 | સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ, જેલ રોડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી સંજયભાઈ મહેતા મો.નં.૮૪૮૭૯૮૩૫૬૦ | |
| ૫ | નિલમબાગ | BN-27 | દક્ષીણામુર્તી હાઈસ્કુલ, યુનિટ-૧, પરીમલ ચોક, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી પીઠાભાઈ કોડીયાતર મો.નં.૯૮૨૫૫૫૦૦૧૮ | |
| ૬ | નિલમબાગ | BN-10 | નચિકેતા માધ્યમીક ઉ.મા.શાલા, ભગવતી સર્કલ પાસે, કાળીયાબીડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી રોહનભાઈ વાઘેલા મો.નં.૯૯૦૪૫૫૦૭૦૭ | |
| ૭ | નિલમબાગ | BN-11 | વિધાધીશ મા.અને ઉ.મા.શાળા પ્રમુખ સ્વામી નગર, કાળીયાબીડ, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી વિશાલભાઈ ત્રિવેદી મો.નં.૯૧૦૬૨૮૭૪૯૩ | |
| ૮ | નિલમબાગ | BN-7 | એમ.એસ.લાખાણી કન્યા વિદ્યાલય, સરદાર પટેલ એજ્યુ. કેમ્પસ, કાળીયાબીડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી ઉર્મીબિન જે. પરમાર મો.નં.૯૧૭૩૩૧૧૮૯૨ | |
| ૯ | નિલમબાગ | BN-8 | ઝેડ કે મેંદપરા માધ્યમીક શાળા સરદાર પટેલ એજ્યુ. કેમ્પસ, કાળીયાબીડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી મયુરભાઈ મજેઠીયા મો.નં.૯૦૩૩૬૯૩૨૬૯ | |
| ૧૦ | નિલમબાગ | BN-12 | જ્ઞાનમંજરી હા.સે.સ્કુલ, સરદાર પટેલ સ્કુલ પાસે, કાળીયાબીડ | ૧૫ | ૪૫૦ | હા | શ્રી પ્રણવભાઈ જોશી મો.નં.૮૯૮૦૦૨૮૦૯૯ | |
| ૧૧ | નિલમબાગ | BN-9 | જ્ઞાનમંજરી હા.સે.સ્કુલ, સરદાર પટેલ સ્કુલ પાસે, કાળીયાબીડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી કલ્પેશભાઈ જાની મો.નં.૯૯૯૮૯૯૪૦૨૦ | |
| ૧૨ | નિલમબાગ | BN-16 | એકતા હાઈસ્કુલ, રામમંત્ર મંદીર પાસે, કાળીયાબીડ, બાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી હિતેન્દ્રસિંહ ગોહિલ મો.નં.૯૪૨૮૨૮૪૦૭૯ | |
| ૧૩ | નિલમબાગ | BN-15 | સારથી વિદ્યાલય, સીલ્વરબેલ્સ સ્કુલ પાછળ, કાળીયાબીડ, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી લાલભા ખેર મો.નં.૯૯૦૪૭૩૩૭૭૪ | |
| ૧૪ | નિલમબાગ | BN-13 | સીલ્વર બેલ્સ પબ્લીક સ્કુલ, ભગવતી સર્કલ પાસે, કાળીયાબીડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી ચક્રપાની ઈસ્ટીલા મો.નં.૮૯૮૦૯૫૯૩૯૮ | |
| ૧૫ | નિલમબાગ | BN-14 | શ્રી અમરજ્યોતી સરસ્વતી વિદ્યાલય, સીલ્વર બેલ્સ કેમ્પસ, કાળીયાબીડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી આશીષભાઈ ગોહેલ મો.નં.૯૦૩૩૭૪૮૯૨૮ | |
| ૧૬ | નિલમબાગ | BN-19 | બી.એન.વિરાણી સ્કુલ, યુનીટ-૧, વિરાણી સર્કલ પાસે, કાળીયાબીડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી અરવીંદભાઈ જે. ભુત મો.નં.૯૯૭૮૭૮૪૩૬૫ | |
| ૧૭ | નિલમબાગ | BN-20 | બી.એન.વિરાણી સ્કુલ, યુનીટ-૨, વિરાણી સર્કલ પાસે, કાળીયાબીડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી કાશ્મીરાબેન સુતરીયા મો.નં.૭૮૭૪૫૩૧૮૭૪ | |
| ૧૮ | નિલમબાગ | BN-21 | કે.પી.ઈ.એસ. ઈંગ્લીશ સ્કુલ, કાળીયાબીડ | ૧૦ | ૩૦૦ | હા | તરૂણકુમાર વ્યાસ મો.નં.૯૪૨૮૨૨૧૭૨૦ | |
| ૧૯ | નિલમબાગ | BN-24 | વિશુધ્ધાનંદ વિદ્યામંદિર, અંધ ઉદ્યોગ શાળાની સામે | ૧૦ | ૩૦૦ | હા | શ્રી જયદેવસિંહ પરમાર મો.નં.૯૮૯૮૨૮૨૮૬૯ | |
| ૨૦ | નિલમબાગ | BN-25 | આર.કે.ઘરશાળા, વાઘાવાડી રોડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી પ્રદીપ ત્રિવેદી મો.નં.૮૪૬૦૦૭૦૦૧૪ | |
| ૨૧ | નિલમબાગ | BN-26 | હોમસ્કુલ ઈંગ્લીશ મીડીયમ, પરીમલ ચોક | ૧૦ | ૩૦૦ | હા | શ્રી નેહાબેન ભટ્ટ મો.નં.૯૪૦૯૧૦૨૫૫૭ | |
| ૨૨ | ઘોઘા રોડ | BN-28 | સેન્ટ મેરી ઈંગ્લીશ સ્કુલ, શિવાજી સર્કલ પાસે, ઘોઘા રોડ, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી ફાધર જોબી મો.નં.૯૭૨૭૨૫૦૧૨૬ | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | ઘોઘા રોડ | BN-29 | સેન્ટ મેરી ગુજરાતી સ્કુલ, શિવાજી સર્કલ પાસે, ઘોઘા રોડ, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી ફાધર સેજી મો.નં.૯૪૨૭૨૫૫૫૬૩ | |
| ૨૪ | ઘોઘા રોડ | BN-30 | સેન્ટ ઝેવીયર્સ સી.એમ.આઈ. પબ્લીક સ્કુલ, મેરૂબાગ, ઘોઘા રોડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી સનીલ થોમસ મો.નં.૯૪૨૭૮૨૨૨૦૧ | |
| ૨૫ | ઘોઘા રોડ | BN-32 | ફાતીમા કોન્વેન્ટ હાઈસ્કુલ, મેરૂબાગ ઘોઘા રોડ | ૧૦ | ૩૦૦ | હા | શ્રી બીન્ની જોસેફ મો.નં.૯૪૨૯૬૪૨૯૧૦ | |
| ૨૬ | ઘોઘા રોડ | BN-35 | મંહદી હાઈસ્કુલ, શિશુવિહાર સર્કલ, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી માલ્વીકાબેન વ્યાસ મો.નં.૯૪૨૮૭૮૫૦૫૫ | |
| ૨૭ | ઘોઘા રોડ | BN-31 | બી.એમ.કોમર્સ હાઈસ્કુલ, ઘોઘાસર્કલ, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી અરવીંદભાઈ સોલંકી મો.નં.૯૪૨૭૫૦૩૩૪૯ | |
| ૨૮ | ઘોઘા રોડ | BN-34 | મહાલક્ષ્મી ગલ્સ હાઈસ્કુલ, ડોનચોક પાસે, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી કાજલબેન વેગડ મો.નં.૯૯૦૪૪૭૯૧૭૯ | |
| ૨૯ | ગંગાજળીયા | BN-33 | મુકતાલક્ષ્મી કન્યા વિદ્યાલય, હલુરીયા ચોક | ૧૦ | ૩૦૦ | હા | શ્રી મીનલબેન ઉપાધ્યાય મો.નં.૯૪૦૮૩૦૩૪૦૦ | |
| ૩૦ | બોરતળાવ | BN-3 | સ્વામીનારાયણ વિદ્યાલય, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી યોગેશભાઈ જોશી મો.નં.૯૪૨૭૨૬૨૫૩૧ | |
| ૩૧ | બોરતળાવ | BN-1 | શ્રી સ્વામીનારાયણ મા.શાળા, નિર્ભય સોસાયટી, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી લાલજીભાઈ કોરડીયા મો.નં.૯૯૨૪૧૮૧૨૪૪ | |
| ૩૨ | બોરતળાવ | BN-2 | ક્રાઈસ્ટ સ્કુલ, ચિત્રા, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી ફાધર થોમસ મો.નં.૯૬૮૭૪૦૪૪૪૭ | |
| ૩૩ | બોરતળાવ | BN-6 | વિદ્યાવિહાર મા.ઉ.મા.શાળા, દેસાઈનગર, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી છગનભાઈ જાંબુચા મો.નં.૯૮૯૮૨૦૧૧૯૪ | |
| ૩૪ | ભરતનગર | BN-18 | આર્યકુળ કન્યા વિદ્યાલય, ભરતનગર ચોકડી, ભાવનગર | ૧૦ | ૩૦૦ | હા | શ્રી વંદનાબેન હરીયાણી મો.નં.૯૭૭૯૩૩૫૬૫૫ | |
| ૩૫ | ભરતનગર | BN-17 | મારૂતી વિદ્યામંદિર, લીલા સર્કલ પાસે | ૧૦ | ૩૦૦ | હા | શ્રી સુરેશભાઈ બારૈયા મો.નં.૯૮૨૪૮૮૯૯૭૧ | |

ભાવનગર, ૧૨ માહે જુન, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં.ડી.એમ.-૧/ફા.નં.૧૪૩૪/(૨/૫)/NEET(UG)/૨૬.-નેશનલ ટેસ્ટીંગ એજન્સી નવી દીલ્હી દ્વારા આગામી તા. ૦૩-૦૫-૨૦૨૬ ના રોજ બપોરે ૦૨-૦૦ થી ૦૫-૦૦ કલાક દરમિયાન NEET(UG)-2026 ની પરીક્ષા ભાવનગર શહેરમાં કુલ-૧૫ પરીક્ષા કેન્દ્રો ખાતે લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુ બાજુના વિસ્તારોમાં અસામાજિક ગુંડાતત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, એન. ડી. ગોવાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની પેટા કલમ-(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ NEET(UG)-2026 ની પરીક્ષા દરમ્યાન તા. ૦૩-૦૫-૨૦૨૬ના રોજ આ સાથેની યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેક્સ/સ્કેનરનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ, સ્કેનર તેમજ ફેક્સ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક ગેઝેટ લઈ જવા કે તેના ઉપયોગ પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષા કોન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કેન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

જેને પરીક્ષા દરમ્યાન સોંપાયેલી ફરજના ભાગરૂપે/કામગીરી અર્થે જરૂરી હોય અથવા સક્ષમ કક્ષાએથી એવું ફરમાવેલ હોય તેમને આ જાહેરનામામાં જણાવેલ ક્રમ નં. ૩ અને ૪ ના પ્રતિબંધો લાગુ પડશે નહિ.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા તથા ફોજદારી કામ માંડવા માટે હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવાનું હું ફરમાવું છું.

આજ તા. ૧૬-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૬ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

| Sr. No. | State | City | Centre Name | Centre Address | Pincode | Type | City Code | Centre No. | Capacity | CS Name | CS Email | CS Mobile | CS Designation | CC Name | CC Mail | CC Mobile | New_City |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Gujarat | Bhavnagar | Government Engineering College Bhavnagar | Near BPTI Campus, Vidhyanagar, Bhavnagar Gujarat 364002 | 364002 | G | 2203 | 2203102 | 480 | Prof. Suresh R Vaghusiya | sureshvaghasiya@gmail.com | 9276895340 | Exam Incharge | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 2 | Gujarat | Bhavnagar | Shri Swaminarayan High School | Sadarnagar Circle Bhavnagar, Gujarat 364002 | 364002 | GA | 2203 | 2203101 | 480 | Sh. R. I. Haraniya | Riharaniya950@gmail.com | 9824260950 | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 3 | Gujarat | Bhavnagar | Shantilal Shaah Engineering College Bhavnagar | Sidsar Campus, Post : Vartej, Bhavnagar 364060 | 364060 | G | 2203 | 2203103 | 480 | Dr. Alpesh Pandya | aapandya@amd.ssgec.ac.in | 9725056316 | Vide Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 4 | Gujarat | Bhavnagar | Shri Vishuddhanand Vidyamandir | Chitranjan Chowk, Vidhyanagar, Bhavnagar, Gujarat 364002 | 364002 | GA | 2203 | 2203104 | 360 | Sh. Jaydevsinh M. Parmar | Jaydevsinhmparmar@gmail.com | 9898282869 | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 5 | Gujarat | Bhavnagar | Govt. Majiraj Girls High School Bhavnagar | Haluriya Chowk, Bhavnagar, Bhavnagar, Gujarat 364001 | 364001 | G | 2203 | 2203105 | 360 | Sh. J. A. Vegad | majiraj.bhavnagar9@gmail.com | 9374930593 | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 6 | Gujarat | Bhavnagar | The KPES English High School Bhavnagar | Kairali Vidhya Bhavan No. 1, Near Leela Circle, Kaliyabid, Kaliyabid, Bhavnagar, Gujarat 364002 | 364002 | GA | 2203 | 2203107 | 360 | Sh. Tarun Kumar Vyas | tvyas36@gmail.com | 9428221720 | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 7 | Gujarat | Bhavnagar | Model School Sidsar | Shampara (Sidsar), Bhavnagar 364060 | 364060 | G | 2203 | 2203108 | 360 | Sh. P. C. Rathod | Modelschoolsidsar@gmail.com | 9173361001 | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 8 | Gujarat | Bhavnagar | Samaldas Arts College | Gijubhai Badheka Road, Waghawadi, Bhavnagar | 364002 | G | 2203 | 2203109 | 360 | Dr. P. N. Vaghela | pareshvaghela@gmail.com | 9427011591 | Professor | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 9 | Gujarat | Bhavnagar | Shri Dakshinamurti Vinay Mandir | Gijubhai Badheka Marg, Near Parimal Chowk, Bhavnagar, Gujarat 364001 | 364001 | GA | 2203 | 2203110 | 144 | Sh. Pitha K. Kodiyatar | dmvmbhavnagar@gmail.com | 9825550018 | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 10 | Gujarat | Bhavnagar | Shri Kumar Shala | Near Nilambag Circle Diary Road | 364001 | GA | 2203 | 2203111 | 218 | Sh. Balbhadrasinh K. Gohil | balbhadra201272@gmail.com | 9428109555 | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 11 | Gujarat | Bhavnagar | Shri R. K. Gharshala Vinay Mandir | Parimal Chowk, Bhavnagar | 364001 | GA | 2203 | | 240 | Sh. Pradipbhai V. Trivedi | rkgharshala@gmail.com | 8460070014 | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 12 | Gujarat | Bhavnagar | Shri Swaminarayan Madhyamik Shala | Nirbhay Society, Chitra, Bhavnagar, Gujarat- | 364002 | GA | 2203 | | 240 | Laljibhai Chaturbhai Koradiya | shreeswaminasayan62140@gmail.com | 9924109745 | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 13 | Gujarat | Bhavnagar | Shri Nandkunverba Kshatriya Kanya Vidyalaya | Nilambaug Circle, Bhavnagar, Gujarat 364002 | 364002 | GA | 2203 | 2203106 | 360 | Smt. R. K. Gohil | snkvidyalaya@gmail.com | | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 14 | Gujarat | Bhavnagar | Shri Vidya Vihar Madhyamik And Uchatar Madhyamik Shala | Zaverbhai Wadi Desainagar, Bhavnagar, Gujarat | 364003 | GA | 2203 | 2203115 | 240 | Sh. Chhaganbhai S. Jambucha | svvs2002@gmail.com | 9898201194 | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |
| 15 | Gujarat | Bhavnagar | Sir P P Institute of Science | Mahatma Gandhi Campus Gigubhai Badheka Marg, Bhavnagar | 364002 | GA | 2203 | | 240 | Dr. V. P. Gohil | sirppinst@gmail.com | | Principal | Neeraj Jonwal | ppl.bhavnagar@kvs.gov.in kubhavnagar@yahoo.co.in | 9664228663 | Bhavnagar |

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.નં.૧૫૪૭(૨/૪)/જા.ના/ગ્લુ ટ્રેપ.-સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગુજરાત પ્રાણી કલ્યા બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક ગુ.પ્રા.ક.બી/પ્રશા/કટમ/૧૦૭(૮૫)/૧૯૯૫/૨૦૯૬/૨૦૨૬ તા. ૦૨-૦૫-૨૦૨૬થી થયેલ સૂચના અનુસાર ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ) જેને ગ્લુટ્રેપ અથવા સ્ટીકી તરીકે પણ ઓળખવામાં આવે છે તે ઘાતક અને પ્રતિબંધિત છે. જેનો ઉપયોગ મોટાભાગે ઉંદરોને પકડવા માટે થાય છે. જ્યારે ઉંદર ગ્લુટ્રેપ વાળી સપાટી પર ચાલે છે અથવા ઉતરે છે ત્યારે ગુંદરની જાળમાં પકડાયા પછી પોતાની રીતે મુક્ત થવામાં અસમર્થ છે. જેના પરિણામે ડિહાઈડ્રેશન, ભુખમરો અને ગુંગળામણના કારણે આખરે પીડાદાયક મૃત્યુ પામે છે. નામ. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ Writ Petition (PIL) 28/2024, સંદર્ભે તા. ૧૮-૦૭-૨૦૨૪ના ઓરલ ઓર્ડરથી ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ તા. ૦૫-૦૯-૨૦૨૩ના ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ અંગેના પરિપત્રના ચુસ્ત અમલીકરણ બાબતે સચોટ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ છે. તેમજ પ્રાણી કુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણીની બિનજરૂરી પીડા, વેદના ન આપવા અંગે જોગવાઈ થયેલ છે.

સબબ, પ્રસ્તુત બાબતે નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૨૪-૦૪-૨૦૨૬ના ઓરલ ઓર્ડરની સૂચના અનુસાર સભ્ય સચિવશ્રી, પ્રાણી કુરતા નિવારણ સમિતિ, અને નાયબ પશુપાલન નિયામકશ્રી, ભાવનગરની તા.૧૯-૦૫-૨૦૨૬ની દરખાસ્ત મુજબ અત્રેના ભાવનગર જિલ્લામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ) ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવું યોગ્ય જણાય છે.

સબબ, હું, એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ, સમગ્ર ભાવનગર જિલ્લામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ જાહેર કરૂ છુ.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૬-૦૫-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૬ માહે મે, સને ૨૦૨૬.

---

## જાહેરનામુ

નં. ડીએમ-૧/ફા.નં.૧૪૧૭/(૨/૫)/ફાયરીંગ બટ/NCC/૨૦૨૬.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની સર્વે નં. ૨૮૨ની શિહોર-ટાણા રોડની દક્ષિણ બાજુએ આવેલ જમીન કે જેનો ઉપયોગ હાલ પોલીસ તંત્ર દ્વારા ફાયરીંગ બટ માટે થાય છે. આ ફાયરીંગ બટ ખાતે આગામી તા. ૦૬-૦૬-૨૦૨૬ થી તા. ૧૨-૦૭-૨૦૨૬ સુધી દિન-૩૭ માટે NCC કેડેટસની ફાયરીંગ પ્રેકટીસની તાલીમનું આયોજન કરેલ છે. જે સંદર્ભે શિહોરના સર્વે નં. ૨૮૨ માં ફાયરીંગ બટના સ્થળની પેરિફેરીથી આજુબાજુના ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં તકેદારીના પગલાંરૂપે જાહેરનામું બહાર પાડવા કચેરી અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી, ભાવનગરના પત્ર નં. ૮૭/સીબી-૨/ફાયરીંગ બટ/૭૧૮/૨૦૨૬ તા. ૧૪-૦૫-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ જાનમાલની સલામતી ખાતર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(ફ) થી મળેલ અધિકારીની રૂઈએ હું, એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ ફાયરીંગ બટનું ક્ષેત્રફળ હેકટર ૨-૧૯-૫૩ આરે. માં આવેલ છે તે સ્થળ તથા તેની પેરીફેરીથી આજુબાજુ ૧૦૦ મીટર સુધીના વિસ્તારમાં આગામી તા. ૦૬-૦૬-૨૦૨૬ થી તા. ૧૨-૦૭-૨૦૨૬ સુધી દિન-૩૭ માટે કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે. આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

આજ તા. ૨૧-૦૫-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૨૧ માહે મે, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં.ડીએમ-૧/ફા.નં.૧૫૩૨/(૨/૪)/જા.ના./સ્પા.-ભાવનગર જિલ્લામાં રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવ્યાપાર તથા અન્ય બિનકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાનું જણાઈ આવેલ છે.

તેમજ ભુતકાળમાં બનેલ કેટલાક બનાવો/ઘટનાઓથી જણાઈ આવેલ છે કે અસામાજિક તત્વો આવી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય અથવા તો અંકુશ મુકી શકાય તે સારૂ જિલ્લા વિસ્તારમાં ચાલતા સ્પા/મસાજ સેન્ટરોમાં ભારતીય/વિદેશી મહિલાઓ મસાજની આડમાં કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવ્યાપાર તથા અન્ય બિનકાયદેસર કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવેલ છે.

વર્તમાન સંજોગોમાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને લઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ આવા બનાવો/ઘટનાઓની સમાજમાં વિપરીત અસર ન થાય તે હેતુથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુનાહિત કૃત્યો અટકાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એસઓજી/સ્પા જા.નામું/૧૯/૨૬ તા. ૧૦-૦૪-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું, એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર જિલ્લાના વિવિધ રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ચાલતા કેટલાક સ્પા/મસાજ પાર્લરોની આડમાં કેફી દ્રવ્યોનું સેવન, દેહવ્યાપાર તથા અન્ય બિનકાયદેસર અને ગુનાહિત પ્રવૃત્તિઓ ચલાવવા પર પ્રતિબંધ જાહેર કરૂ છું તેમજ સ્પા/મસાજ સેન્ટરોના માલીકો/સંચાલકોએ નીચેની વિગતો ફરજિયાત સબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

| અ. નં. | વિગત | રીમાર્કસ |
|---|---|---|
| ૧. | સ્પા/મસાજ પાર્લર, એકમનું નામ, માલિક/સંચાલકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર | |
| ૨. | સ્પા/મસાજ પાર્લરમાં કામ કરતા તમામ કર્મચારીની ફોટા સહિતની સંપુર્ણ વિગત | |
| | (૧) જો તેઓ ભારતીય હોય તો તેના ઓળખના પુરાવા જોડવા. | |
| | હાલનું સરનામું | |
| | મુળ વતનનું સરનામું | |
| | ફોન નં. (ઘર) (ઓફીસ) (મો.નં.) | |
| | (૨) જો તેઓ વિદેશી હોય, તો<br>- તેમના પાસપોર્ટની વિગત : (પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.)<br>- કયા વિઝા પર ભારતમાં આવેલ છે તેની વિગત : | |
| | હાલનું સરનામું : | |
| | ફોન નં. (ઘર) (ઓફીસ) (મો.નં.) | |
| | [સ્પા/મસાજપાર્લર ચલાવનાર/સંચાલકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો] [કામ કરતા કર્મચારીઓનો પાસપોર્ટ સાઈઝનો ફોટો] [પોલીસ સ્ટેશનના સહી/ સિક્કા અને તારીખ]<br>સ્પા/મસાજ પાર્લર ચલાવનારની સહી કામ કરતા કર્મચારીની સહી<br>સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગત : | |
| ૩. | **: નિયમો :**<br>૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે.<br>૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લરો જે નામથી ચાલતા હોય, તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.<br>૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જે-તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.<br>૪. સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ, રજુ કરવાના રહેશે. | |
| | ૫. ગુમાસ્તા ધારા હેઠળનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. | |
| | ૬. જી.એસ.ટી. નંબર મેળવવાનો રહેશે. | |

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૫-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

રાજકોટ, ૨૫ માહે મે, સને ૨૦૨૬.

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.નં.૧૪૫૯/(૨/૩)/ફાટક નં. ૨૦૫-બી જા.ના./૨૦૨૬.-શિહોર ખાતે આવેલ શિહોરથી ધાંધળી ૦૭-૦૫-૨૦૨૬ ના જાહેરનામાથી શિહોરથી ધાંધળીથી શિહોર તરફ આવતા-જતા વાહનો માટે ડાયવર્ઝન રૂટ અંગેનું તા. ૧૯-૦૬-૨૦૨૬ ની મુદત સુધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહું ઓવરબ્રીજની કામગીરી અંદાજીત ૭ (સાત) માસ સુધી સતત ચાલુ રહેવાની હોય ઉક્ત જાહેરનામાની મુદતમાં વધારો કરી આપવા મેનેજર(પ્રો.), પી.આઈ.યુ. ભાવનગર, જી.યુ.ડી.સી.ના તા. ૧૧-૦૬-૨૦૨૬ ના પત્રથી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્તની વિગતે જાહેરનામું બહાર પાડવું ઉચિત જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી શિહોર ખાતે આવેલ શિહોરથી ધાંધળી તરફ જતા રસ્તા પર રેલ્વે લાઈનના ફાટક નં. ૨૦૫/B પર રેલ્વે ઓવરબ્રીજના કામે તા. ૨૦-૦૬-૨૦૨૬ થી તા. ૧૯-૦૭-૨૦૨૬ સુધી શિહોરથી ધાંધળી તરફ તેમજ ધાંધળીથી શિહોર શહેર તરફ આવતા વાહનો માટે નીચે મુજબના ડાયવર્ઝન રૂટ પરથી વાહનો પસાર કરવા ફરમાવું છું.

➢ **માત્ર ટુ-વ્હીલર તથા ફોરવ્હીલ વાહનોની અવરજવર માટે :**

(૧) શિહોરથી વાયા શિહોર GIDC થઈ ધાંધળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી વાયા નેસડા ગામ થઈ વલ્લભીપુર તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

(૨) વલ્લભીપુર તરફથી વાયા ધાંધળી શિહોર GIDC થઈ શિહોર શહેર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ધાંધળીથી વાયા નેસડા ગામ થઈ શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

➢ **મોટા વાહનોની અવર-જવર માટે :**

(૧) શિહોરથી વાયા શિહોર GIDC થઈ ધાંધળી-વલ્લભીપુર તરફ જતા વાહન વ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી રાજપરા (ખોડીયાર) થી નવાગામ (ચીલોડા) થી રંગોલી ચોકડી થઈ ભાવનગર-વલ્લભીપુર હાઈવે રોડ ઉપર કરદેજથી ઉંડવીથી નેસડાથી ધાંધળી તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

(૨) વલ્લભીપુર તરફથી વાયા ધાંધળી શિહોર GIDC થઈ શિહોર શહેર તરફ આવતા વાહન વ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ધાંધળીથી નેસડાથી ઉંડવીથી કરદેજથી રંગોલી ચોકડી થઈ ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર નવાગામ (ચીલોડા) થી રાજપરા (ખોડીયાર) થી શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનમાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૬-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૬ માહે જુન, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં.ડીએમ-૧/ફા. નં. ૧૪૩૪/(૨/૫)/ GPSC/પરીક્ષા/જા.ના./૨૦૨૬.-ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કુલ ચાર જાહેરાતોની સામાન્ય અભ્યાસની સંયુક્ત પરીક્ષા (જાહેરાત ક્રમાંકઃ-૯૯/૯૪/૨૦૨૬-૨૭) ની ભરતી માટેની પ્રીલીમીનરી પરીક્ષા ભાવનગર શહેરમાં આગામી તા.૦૭-૦૬-૨૦૨૬ના રોજ બપોરના ૧૧-૦૦ કલાક થી ૦૨-૦૦ કલાક દરમ્યાન લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારોમાં અસામાજિક ગુંડા તત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, એન. ડી. ગોવાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂએ આગામી તા. ૦૭-૦૬-૨૦૨૬ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાનાર ઉક્ત પરીક્ષા દરમ્યાન આ સાથે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેક્સ/સ્કેનરનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ, સ્કેનર તેમજ ફેક્સ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનિક ગેઝેટ લઈ જવા કે તેના ઉપયોગ પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કેન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

જેને પરીક્ષા દરમ્યાન સોંપાયેલી ફરજનાં ભાગરૂપે/કામગીરી અર્થે જરૂરી હોય અથવા સક્ષમ કક્ષાએથી એવું ફરમાવેલ હોય તેમને આ જાહેરનામામાં જણાવેલ ક્રમ નં. ૩ અને ૪ ના પ્રતિબંધો લાગુ પડશે નહિ.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા તથા ફોજદારી કામ માંડવા માટે હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવાનું હું ફરમાવું છું.

આજ તા. ૦૨-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

---

**Online Job Application System (GPSC)**

**પેટા કેન્દ્રો (શાળા/કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવારની વિગત દર્શાવતું પત્રક**

**જાહેરાત નંબર :** GPSC/202627/9994.............

Job Title : Common General Studies Paper for Different Advertisement 07-JUN-2026

Exam Timings : 07-06-2026 11-00 AM to 02-00 PM

**District Name : BHAVNAGAR**

| ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|
| 1 | 65664-Sarkari Majiraj Girls High School | Nr. Haluria Chowk, Cresent Road, Bhavnagar | 72 | 3 | 104015756-104015827 | Jigneshbhai A Vegad 9374930593 |
| 2 | 65660-Jyotiben Dalal Mahila Vidhyalay (Muktalakshmi Mahila Vidhyalay) | Haluriya Chowk, Bhavnagar | 240 | 10 | 104015828-104016067 | Minalben Upadhyay 9408303400 |
| 3 | 50397-Shri Mahalakshmi Higher Secondary Girls High School | Gandhi Smruti Road, Down Chowk, Bhavnagar | 240 | 10 | 104016068-104016307 | D. D. Zala 9904479179 |
| 4 | 61966-Mahadi High School Unit 1 | 541/AB, Shishuvihar Circle, Bhavnagar | 240 | 10 | 104016308-104016547 | Malvikaben N Vyas 9428785055 |
| 5 | 61967-Mahadi High School Unit 2 | 541/AB, Shishuvihar Circle, Bhavnagar | 192 | 8 | 104016548-104016739 | Harshaben V Chavda 9377991700 |
| 6 | 62679-Shree B M Commerce Highschool | Plot No. 1510, Ghogha Road, Bhavnagar | 240 | 10 | 104016740-104016979 | Shree Aravinbhai Solanki 94275003349 |
| 7 | 66262-St.Mary's English School | Shivaji Circle, Ghogha Road, Bhavnagar | 240 | 10 | 104016980-104017219 | Amitbhai Vegad 8460202032 |
| 8 | 66263-St. Mary's High School (Gujrati) | Shivaji Circle, Ghogha Road, Bhavnagar | 240 | 10 | 104017220-104017459 | Umeshbhai Chudasma 9725251180 |
| 9 | 66264-St. Xaviers CMI Public School | Ghogha Road, Merubaug, Bhavnagar | 240 | 10 | 104017460-104017699 | Sanil Thomas 9427822201 |
| 10 | 62491-Fatima Convent Highschool | Ghogha Road, Merubaug, Bhavnagar | 240 | 10 | 104017700-104017939 | Bini Josef 9429642910 |
| 11 | 50398-Shri R. K. Gharshala Vinay Mandir | Parimal Chowk, Vaghavadi Road, Bhavnagar | 240 | 10 | 104017940-104018179 | Pradipbhai Trivedi 8460070014 |
| 12 | 61964-Home School English Medium School | Shree Harbhai Trivedi Marg, Near Parimal Chowk, Bhavnagar | 240 | 10 | 104018180-104018419 | Nehaben M Bhatt 9409102557 |
| 13 | 63383-Shree Daxinamurti Vinaymandir Unit-1 | Gijubhai Badheka Marg, Vaghavadi Road, Bhavnagar | 240 | 10 | 104018420-104018659 | Pithabhai Kodiyatar 9825550018 |
| 14 | 63384-Shree Daxinamurti Vinaymandir Unit-2 | Gijubhai Badheka Marg, Vaghavadi Road, Bhavnagar | 240 | 10 | 104018660-104018899 | Lataben S. Rokde 9427215280 |

| ક્રમ | પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ) | પેટા કેન્દ્રનું સરનામું | ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર | ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર |
|---|---|---|---|---|---|---|
| 15 | 50393-Shri Vishudhdhanand Vidhyamandir | Chitranjan Chowk, Vidhyanagar, Bhavnagar | 240 | 10 | 104018900-104019139 | Jaydevsinh M Parmar 9898282869 |
| 16 | 61969-St. Xaviers Higher Secondary School | Jail Road, Bhavnagar | 240 | 10 | 104019140-104019379 | Joby Methyu 9624959368 |
| 17 | 65665-Shree Nandku-varba Kshatriya Kanya Vidhyalay | Nilambaug Chowk, Bhavnagar | 240 | 10 | 104019380-104019619 | Rajeshwariba K. Gohil 9979089951 |
| 18 | 377-Sister Nivedita Vidhyalay | Nilam Baug Circle, Bhavnagar | 240 | 10 | 104019620-104019859 | Dipaliben M Pandya 8849653599 |
| 19 | 68663-Shree Kumar Shala | Dairy Road, Nilambaug, Bhavnagar | 240 | 10 | 104019860-104020099 | Pareshkumar A Makwana 9974021881 |
| 20 | 62671-Dolat Anant Valia High School | Behind Gujarat Housing Board Office, Shahstrinagar, Bhavnagar-364003 | 155 | 7 | 104020100-104020254 | Jaydipsinh P Gohil 9601618145 |
| | **Sub Total** | | **4499** | **188** | | |

ભાવનગર, ૦૨ માહે જુન, સને ૨૦૨૬.

## જાહેરનામું

નં. ડીએમ-૧/ફા.નં.૧૫૧૪/(૨/૬)/જાહેરનામું/ડોળી/૨૬.- પાલીતાણા ગીરીરાજ જૈન તીર્થ ખાતે વિવિધ જૈન સંઘ અને આગેવાનો દ્વારા ડોળીમાં યાત્રા કરનાર યાત્રિકો પાસેથી ગેરકાયદેસર રીતે રૂા. ૨૦/- ઉઘરાવવામાં આવતા હોવાની વ્યાપક રજુઆત બાબતે મજુર સંઘોના નાયબ નોંધણી અધિકારી અને નાયબ શ્રમ આયુક્તશ્રી રાજકોટે તા. ૨૮-૦૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : ના.શ્ર.આ/રાજ/૨૦૨૫/૫૮૯ થી ટ્રેડ યુનિયન એકટ-૧૯૨૬ હેઠળ નોંધાયેલ કોઈ ટ્રેડ યુનિયન કોઈ યાત્રિક પાસે યુનિયનના નામે રૂા. ૨૦/-ની પહોંચના ઉઘરાવી શકે નહી કે તેઓની કચેરીએથી સદર યુનિયનને આ માટે કોઈ મંજુરી આપવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે. આમ, ડોળી કામદાર યુનિયન (રજીસ્ટ્રેશન નં. G/R/113/2023) તથા ડોળી લેબર યુનિયન ગ્રામ્ય-સીટી પાલીતાણા (રજીસ્ટ્રેશન નં. G.6244) બન્ને ડોળી યુનિયનો The Trade Unions Act 1926 હેઠલ નોંધાયેલ ટ્રેડ યુનિયન હોઈ જેથી કાયદેસર રીતે યુનિયનના નામે રૂપિયા ૨૦/- ઉઘરાવી શકે નહી.

પાલીતાણા ડોળી એસોસીએશનના સુગમ અને સુદ્રઢ સુચાલન માટે સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાલીતાણાની અધ્યક્ષતામાં તા. ૨૬-૧૨-૨૦૨૫ના રોજ યોજાયેલ બેઠકમાં યુનિયન દ્વારા યુનિયનના નામે ઉઘરાવવામાં આવતી રૂ. ૨૦/- ની રકમ યાત્રિકો પાસેથી વસુલ કરવાનું હાલ તાત્કાલિક ધોરણે બંધ કરવા તેમજ આ બાબતે નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ નાનુભાઈ સંચાલિત યુનિયન દ્વારા કરવામાં આવેલ પીટીશનમાં નામ. હાઈકોર્ટનો નિર્ણય મુજબ અમલવારી કરવા ઠરાવેલ.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના તા. ૧૬-૦૫-૨૦૨૬ના પત્રથી રજૂ થયેલ દરખાસ્ત અનુસાર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાલીતાણાના તા. ૦૮-૦૪-૨૦૨૬ના પત્ર નં. એમ.એ.જી./ડોળી એસો./જાહેરનામુ/૨૬ થી નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ નાનુભાઈ સંચાલિત યુનિયન દ્વારા કરવામાં આવેલ પીટીશનમાં નામ. ગુજરાત હાઈકોર્ટનો નિર્ણય આખરી રહેવાની શરતે યુનિયન દ્વારા યુનિયનના નામે રૂ. ૨૦/- યાત્રિકો પાસે ઉઘરાવવામાં ન આવે તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાયસહ અહેવાલ રજૂ થયેલ છે. જે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(કક) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ હું એન. ડી. ગોવાણી, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર તા. ૦૪-૦૬-૨૦૨૬ થી તા. ૦૩-૦૮-૨૦૨૬ સુધી નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ નાનુભાઈ સંચાલિત યુનિયન દ્વારા કરવામાં આવેલ પીટીશનમાં નામ. ગુજરાત હાઈકોર્ટનો નિર્ણય આખરી રહેવાની શરતે પાલીતાણા ગિરીરાજ જૈન તીર્થ ખાતે ડોળી યુનિયન દ્વારા યુનિયનના નામે રૂ. ૨૦/- યાત્રિકો પાસેથી ઉઘરાવવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલ ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલથી ઉતરતા દરજજાના હોય તેવા અધિકારીને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૦૪-૦૬-૨૦૨૬ ના મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૦૪ માહે જુન, સને ૨૦૨૬.

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

## જાહેરનામું

નં.ડીએમ-૧/ફા. નં. ૧૪૫૦/(૨/૫)/માછીમારી પ્રતિબંધ/૨૦૨૬.- મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગાંધીનગરના તા. ૧૨-૦૫-૨૦૨૬ના પરિપત્રથી રાજ્યમાં દરિયાઈ કાઠાના પ્રાદેશિક જળ વિસ્તારમાં તારીખ ૧લી જુન-૨૦૨૬ થી તારીખ ૧૫ ઓગષ્ટ-૨૦૨૬ સુધી યાંત્રિક બોટો દ્વારા થતી આંતરદેશીય તથા પ્રાદેશિક જળક્ષેત્રમાં માછીમારી પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેમ છતાં, અનધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે

સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કારણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોના જીવનું જોખમ ઉભું થાય તેવો પુરતો સંભવ છે, જેથી ભાવનગર જિલ્લામાં આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા માછીમારી પર પ્રતિબંધ મુકવા મદદનીશ મત્સ્યદ્યોગ નિયામકશ્રી, ભાવનગર દ્વારા તા. ૧૯-૦૫-૨૦૨૬થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત અનુસારનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે,

ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કે ક્રિક વિસ્તારમાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યક્તિએ તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૦-૦૭-૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) ના સમય દરમ્યાન માછીમારો માટે સમુદ્રમાં કે ક્રિક વિસ્તારમાં જવું નહી અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહી.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) પોર્ટ ઉપર આવતા વ્યાપારિક જહાજો.

(૨) લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, પોલીસ દળોની બોટો.

(૩) પગડીયા માછીમારો.

(૪) નોન મોટરાઈઝડ ક્રાફટ (લાકડાની બિન યાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી)

(૫) મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, ભાવનગર/સંબંધિત પોર્ટ ઓફિસરશ્રી અધિકૃત કરે તેવી બોટ.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલાં લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

તમામને વ્યક્તિગત રીતે જાહેરનામાની બજવણી શક્ય ન હોઈ આથી એક તરફથી હુકમ કરુ છું. સંબંધિત વિસ્તારમાં પોલીસ ધ્વારા લાઉડ સ્પીકર વાહનો મારફતે તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૩૦-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૩૦ માહે મે, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં.ડીએમ-૧/ફા. નં. ૧૫૪૮/(૧/૧૧)/મહોરમ/જાહેરનામું/૨૦૨૬.-આગામી તા. ૨૬-૦૬-૨૦૨૬ તથા તા. ૨૭-૦૬-૨૦૨૬ના રોજ મહોરમ/તાજીયાનો તહેવાર ઉજવાનાર છે. જે દરમ્યાન ભાવનગર શહેરમાં નીચે જણાવેલ રસ્તાઓ ઉપર ટ્રાફીક નિયમન કરવું જરૂરી હોય, જેથી આ રસ્તાઓ ઉપર તા. ૨૬-૦૬-૨૦૨૬ના કલાક ૧૮-૦૦ થી તા. ૨૭-૦૬-૨૦૨૬ના કલાક ૦૫-૦૦ સુધી રસ્તાઓ એકમાર્ગીય કરવાનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/૫-એમએ/૨૩૬૬/૨૦૨૬ તા. ૦૫-૦૬-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) થી મને મળેલ સત્તાની રૂએ હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, શહેરના નીચે જણાવેલ રસ્તાઓને તા. ૨૬-૦૬-૨૦૨૬ ના કલાક ૧૮-૦૦ થી તા. ૨૭-૬-૨૦૨૬ના કલાક ૦૫-૦૦ સુધી એકમાર્ગીય જાહેર કરૂ છું.

**રસ્તાઓ :**

(૧) ભાવનગર શહેરનાં હેરીસ રોડના નાકાથી શેલારશા ચોક, સંઘેડીયા બઝાર થઈને અલકા ટોકીઝ સુધી.

(૨) અલકા ટોકીઝથી વડવા તલાવડી ચોક થઈ ચાવડી ગેઈટથી બાપુની પાડી, પાવર હાઉસ સુધી.

(૩) વાસણ ઘાટથી શેલારશા ચોક અને મીની ગેસ્ટ હાઉસ સુધી.

(૪) ખારગેટ ચોકથી મામાકોઠા અને બાર્ટન ચોકથી હલુરીયા ચોક સુધી.

(૫) સંતકંવરરામ ચોકથી કેસરબાઈની મસ્જીદ થઈ હલુરીયા ચોક સુધી.

(૬) એસ.પી. કચેરી સામે રોડથી નવાપરા રણવીર હનુમાનજી મંદીર થઈ મનહરકુંવરબા રાજપુત છાત્રાલય સુધી.

(૭) જોગીવાડની ટાંકીથી રૂપાપરી રોડ બાર્ટન ચોક સુધી.

(૮) ખડપીઠ મોર્ડન સર્વીસ સ્ટેશનથી નવાપરા ચોક, એસ.પી. કચેરી રોડ, રણવીર હનુમાનજી મંદિર સુધી.

(૯) શેલારશા ચોકથી આંબાચોક હેરીસ રોડના નાકા સુધી સંપુર્ણ વાહન વ્યવહાર બંધ.

(૧૦) પારસીની અગીયારીથી મનહરકુંવરબા રાજપુત છાત્રાલય સુધી.

(૧૧) દિપક ચોકથી વીમાના દવાખાના સુધી. તાજીયાના રૂટ પર સામેથી મોટા વાહનો ચલાવવા પર પ્રતિબંધ રહેશે.

આ જાહેરનામામાંથી પોલીસ ડીપાર્ટમેન્ટ, મહેસુલ ખાતુ, પી.જી.વી. સી.એલ., ફાયર બ્રીગેડ, એમ્બ્યુલન્સ તથા આવશ્યક સેવા અંગેના વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

સદરહું જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ : ૧૨-૦૬-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

ભાવનગર, ૧૨ માહે જુન, સને ૨૦૨૬.

**એન. ડી. ગોવાણી**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ભાવનગર.

---

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૧૧૦૩/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે.

જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૧૨-૦૬-૨૦૨૬ થી તા. ૨૬-૦૬-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

**અનુસૂચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૧૨-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિદ્ધ કર્યો.

બોટાદ, ૧૨ માહે જુન, સને ૨૦૨૬.

---

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૬૬૮/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૧૩-૦૪-૨૦૨૬ થી તા. ૨૭-૦૪-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીઓ.
(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.
(૩) કોઈ લગ્નના વરઘોડાને.
(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

**અનુસૂચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૬-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિદ્ધ કર્યો.

બોટાદ, ૦૬ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૭૭૪/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી

જાળવવા સારૂં સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૨૮-૦૪-૨૦૨૬ થી તા. ૧૨-૦૫-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

**અનુસૂચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૧-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિદ્ધ કર્યો.

બોટાદ, ૨૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૯૯૨/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સં સ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૨૮-૦૫-૨૦૨૬ થી તા. ૧૧-૦૬-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

**અનુસૂચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૬-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિદ્ધ કર્યો.

બોટાદ, ૨૬ માહે મે, સને ૨૦૨૬.

---

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૮૯૮/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સં સ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૧૩-૦૫-૨૦૨૬ થી તા. ૨૭-૦૫-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની મંડળીઓ.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

અનુસૂચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૧૨-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિદ્ધ કર્યો.

બોટાદ, ૧૨ માહે મે, સને ૨૦૨૬.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૬૬૭/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ એપ્રિલ-૨૦૨૬ ના માસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતિ જાળવવા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં

તા. ૦૯-૦૪-૨૦૨૬ થી તા. ૦૮-૦૫-૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત)

(ક) કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી, અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની

૧(ગગ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવાની

(ચ) લોકોએ બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૬-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૬ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામું

નં. ડીએમ/વશી/૭૬૯/૨૦૨૬.-જિલ્લા સેવા સદન બોટાદ ખાતે બોટાદ જિલ્લાના વિવિધ તાલુકામાંથી મોટી સંખ્યામાં અરજદારશ્રીઓ/જુદી જુદી સંસ્થાઓ જિલ્લા સેવા સદન ખાતે પોતાની વિવિધ માંગણીઓ તથા રજુઆતો સબબ અવરજવર કરતા હોય છે. તાજેતરમાં જિલ્લાની વિવિધ કચેરીઓ પાસેથી પોતાની માંગણી અન્વયે અસંતોષ થતા અરજદારશ્રીઓ/જુદી જુદી સંસ્થાઓ દ્વારા કલેકટર કચેરી/જિલ્લા સેવા સદનના પ્રાંગણમાં ઉપવાસ, રેલી, ધરણા કે આત્મવિલોપન કરવા આવતા હોય છે જેના કારણે તંગદિલીભર્યું વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં અરજદારોની મોટી સંખ્યા ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. જિલ્લા સેવા સદનમાં અરજદાર વ્યકિતગત રીતે કે મોટી સંખ્યામાં ભેગા થવાની સંભાવના હોય, સરકારી માલ મિલ્કતને કે વ્યકિતગત જાન માલને નુકશાન થવાના બનાવ બનવાની સંભાવના રહેલ હોઈ, સુલેહ શાંતિ જળવાઈ રહે અને સરકારી માલ મિલકતને નુકશાન ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી જિલ્લા સેવા સદન બોટાદ પરિસરની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવા માટે પુરતુ કારણ છે અને તે માટે તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે.

આથી હું પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂ એ હુકમ કરૂ છુ કે, બોટાદ જિલ્લા સેવા સદનના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને તા. ૨૦-૦૪-૨૦૨૬ થી તા. ૧૯-૦૬-૨૦૨૬ સુધી પ્રતિબંધીત વિસ્તાર જાહેર કરૂ છું તથા આ પ્રતિબંધીત વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) કોઈએ ઉપવાસ પર બેસવુ નહી કે ધરણા કાર્યક્રમ સભાઓનું આયોજન કરવું નહી.

(૨) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા નહી.

(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહી.

(૪) કોઈપણ વ્યકિતએ પુર્વ મંજુરી સિવાય લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને પ્રવેશ કરવો નહી.

(૫) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવા પદાર્થ સાથે રાખવો નહી.

વધુમાં હું આદેશ કરૂ છું કે, આ હુકમ સરકારી નોકર કે, સરકારશ્રીની ફરજ પર હોય તેવી વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે કોઈપણ પોલીસ સબ ઈન્સપેકટર તથા તેનાથી ઉપરના અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૦-૦૪-૨૦૨૬ આજ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

બોટાદ, ૨૦ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૭૫૮/૨૦૨૬.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોના ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર રોડ ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવો તથા તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો માટે હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ સુધી રૂટ અકમાર્ગીય પ્રવેશ કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરાંત પીક-અવર્સ દરમ્યાન એટલેકે સવારના ૧૦-૦૦ કલાક થી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે બોટાદ શહેરમાં હવેલી ચોકથી આગળ પાળીયાદ રોડ ઉપરના ચામુંડા લોજની સામેના ખાંચામાં ફોર્ચ્યુન હોસ્પીટલ, યજ્ઞેશ હોસ્પીટલ, અમર હોસ્પીટલ, શ્રધ્ધા હોસ્પીટલ તેમજ ડાભી ગેસ્ટ હાઉસ વિગેરે આવેલ હોય દર્દીઓ/ લોકોના વાહનોની અવર જવર ટ્રાફિક સમસ્યા નિવારવા માટે પાળીયાદ રોડ પરથી આવતા વાહનોને ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન વાત્સલ્ય વુમન કેર મોચી સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરવો જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૧૬-૦૪-૨૦૨૬ ના પત્ર ક્રમાંક-ટ્રાફીક/ભારે વાહન/પાર્કિંગ/વન-વે/૩૬૩/૨૦૨૬થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂ એ હું, પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) બોટાદ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ, નવ નિર્મિત અન્ડરબ્રિજ, સાળંગપુર રોડ તથા ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસ થી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) તેવી જ રીતે પાળીયાદ રોડ તરફથી આવતા વાહનો ટાવર રોડ, રેલવે સ્ટેશન રોડ તથા સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન)થી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) બોટાદ શહેરમાં પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ દરમ્યાન શહેરમાં તમામ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૪) ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન-વાત્સલ્ય વુમન કેર-મોચી સમાજની વાડી-વડોદરીયા હોસ્પીટલ-પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરેલ છે.

આ જાહેરનામું તા. ૨૧-૦૪-૨૦૨૬ થી તા. ૨૦-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૧-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૨૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૯૫૩/૨૦૨૬.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોના ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર રોડ ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવો તથા તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો માટે હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ સુધી રૂટ અકમાર્ગીય પ્રવેશ કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરાંત પીક-અવર્સ દરમ્યાન એટલેકે સવારના ૧૦-૦૦ કલાક થી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે બોટાદ શહેરમાં હવેલી ચોકથી આગળ પાળીયાદ રોડ ઉપરના ચામુંડા લોજની સામેના ખાંચામાં ફોર્ચ્યુન હોસ્પીટલ, યજ્ઞેશ હોસ્પીટલ, અમર હોસ્પીટલ, શ્રધ્ધા હોસ્પીટલ તેમજ ડાભી ગેસ્ટ હાઉસ વિગેરે આવેલ હોય દર્દીઓ/ લોકોના વાહનોની અવર જવર ટ્રાફિક સમસ્યા નિવારવા માટે પાળીયાદ રોડ પરથી આવતા વાહનોને ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેક્ટ્રોવિઝન વાત્સલ્ય વુમન કેર મોચી સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરવો જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૧૮-૦૫-૨૦૨૬ ના પત્ર ક્રમાંક-ટ્રાફીક/ભારે વાહન/પાર્કિંગ/વન-વે/૪૩૫/૨૦૨૬થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂ એ હું, પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) બોટાદ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ, નવ નિર્મિત અન્ડરબ્રિજ, સાળંગપુર રોડ તથા ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસ થી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) તેવી જ રીતે પાળીયાદ રોડ તરફથી આવતા વાહનો ટાવર રોડ, રેલવે સ્ટેશન રોડ તથા સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન)થી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) બોટાદ શહેરમાં પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ દરમ્યાન શહેરમાં તમામ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૪) ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેક્ટ્રોવિઝન-વાત્સલ્ય વુમન કેર-મોચી સમાજની વાડી-વડોદરીયા હોસ્પીટલ-પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરેલ છે.

આ જાહેરનામું તા. ૨૧-૦૫-૨૦૨૬ થી તા. ૨૦-૦૬-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૧-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૨૧ માહે મે, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં. ડીએમ/વશી/૯૪૨/૨૦૨૬.-બોટાદ શહેરમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (એ.આર.ટી.ઓ) માં દરરોજ મોટા પ્રમાણમાં નાગરિકો અલગ અલગ સરકારી કામ અર્થે જેવા કે લાયસન્સ સંબધિત વાહન નોંધણી વાહન તબદીલી નોંધણી બાદની કાર્યવાહીઓ ટેક્સ ભરવાની કાર્યવાહી પરમીટ સંબંધિત કાર્યવાહી માટે આવતા હોય છે. તો આવી પરિસ્થિતિમાં બિન અધિકૃત વ્યકિતઓનો કચેરીમાં પ્રવેશ અટકાવવા માટે જાહેર જનતાના હિતમાં અનઅધિકૃત ઈસમોના એ.આર.ટી.ઓ. કચેરીમાં પ્રવેશતા અટકાવવા માટે જાહેરનામું બહાર પાડવા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી બોટાદના પત્ર નં. ARTOBTD/0012/04/2026 Dt. 29-04-2026 થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું યોગ્ય જણાય છે.

આથી હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરું છું કે બોટાદ શહેરમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (એ.આર.ટી.ઓ.)માં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ ફોજદારી પગલાં લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૦-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૨૦ માહે મે, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/વશી/૧૦૭૪/૨૦૨૬-ગુજરાત પ્રાણી કલ્યા બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક ગુ.પ્રા.ક.બી/પ્રશા/કટમ/૧૦૭(૮૫)/૨૩૧૯-૨૪૧૯/૨૦૨૬ તા. ૨૧-૦૫-૨૦૨૬થી ઉદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ) જેને ગ્લુ-બોર્ડ અથવા સ્ટીકી તરીકે પણ ઓળખવામાં આવે છે તે બિન-ઘાતક અને પ્રતિબંધિત છે. જેનો ઉપયોગ મોટાભાગે ઉંદરોને પકડવા માટે થાય છે. જ્યારે ઉંદર ગ્લુટ્રેપ વાળી સપાટી પર ચાલે છે અથવા ઉતરે છે ત્યારે ગુંદરની જાળમાં પકડાયા પછી પોતાની રીતે મુક્ત થવામાં અસમર્થ છે. જેના પરિણામે ડિહાઈડ્રેશન, ભુખમરો અને ગુંગળામણના કારણે આખરે પીડાદાયક મૃત્યુ પામે છે. નામ. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ Writ Petition (PIL) 28/2024, સંદર્ભે તા. ૨૪-૦૪-૨૦૨૬ના ઓરલ ઓર્ડરથી પ્રાણી ક્રુરતા નિવાકરણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણીની બિનજરૂરી પીડા, વેદના ન આપવા અંગે જોગવાઈ થયેલ છે.

સબબ, પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણા કરતા અત્રેના બોટાદ જિલ્લામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવું યોગ્ય જણાય છે.

સબબ, હું, પી. એલ. ઝણકાત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમારવુ છું કે, સમગ્ર બોટાદ જિલ્લામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ)ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવા આદેશ કરૂ છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરજનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધિ કરી કરવાની રહેશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરના હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૦૮-૦૬-૨૦૨૬ થી દિવસ-૬૦ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૮-૦૬-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

બોટાદ, ૦૮ માહે જુન, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૧૧૫૦/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા NAT NEET 2026 RE-EXAM, તા. ૨૧-૦૬-૨૦૨૬ ના રોજ કલાક ૧૪-૦૦ થી ૧૭-૧૫ કલાક દરમિયાન યોજનાર છે. આ પરીક્ષા પરીક્ષા બોટાદમાં કુલ-૦૩ પરીક્ષા કેન્દ્રો પર યોજનાર છે. ઉક્ત પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી, તમામ પરીક્ષા કેન્દ્રો નજીક લાઉડ સ્પીકર વાગે નહી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે. જિલ્લાની કસ્ટોડીયન બેંક (૧) એસ.બી.આઈ. કોર્ટ કંપાઉન્ડ બોટાદ (૨) કેનેરા બેંક, બસ સ્ટેન્ડ સામે બોટાદ (૩) પંજાબ નેશનલ બેંક, પાળીયાદ રોડ બોટાદ તેમજ કલેકશન સેન્ટર શ્રી જે. એન. વી. બોટાદ આજુબાજુ વિસ્તારોમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે તે માટે જાહેર હિતમાં હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, આગામી તા. ૨૧-૦૬-૨૦૨૬ નાં રોજ સમય સવારના ૧૪-૦૦ થી ૧૭-૧૫ કલાક ના કુલ-૦૩ પરીક્ષા કેન્દ્ર, ઉપર તથા જિલ્લાની કસ્ટોડીયન બેંક (૧) એસ.બી.આઈ. કોર્ટ કંપાઉન્ડ બોટાદ (૨) કેનેરા બેંક, બસ સ્ટેન્ડ સામે બોટાદ (૩) પંજાબ નેશનલ બેંક, પાળીયાદ રોડ બોટાદ તેમજ કલેકશન સેન્ટર શ્રી જે. એન. વી. બોટાદ ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રો અને કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેક્સનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ/ફેક્સ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ વોચ, અન્ય ઈલેક્ટ્રોનિક્સ સાધનો લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રો અને કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

(૬) કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર.

(૭) કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં ખાનગી કાર્યક્રમ કરવા ઉપર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૧૬-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૧૬ માહે જુન, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૭૯૬/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા NAT NEET 2026 EXAM, તા. ૦૩-૦૫-૨૦૨૬ના રોજ કલાક ૧૪-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમિયાન યોજનાર છે. આ પરીક્ષા

પરીક્ષા બોટાદમાં કુલ-૦૩ પરીક્ષા કેન્દ્રો પર યોજનાર છે. ઉકત પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી, તમામ પરીક્ષા કેન્દ્રો નજીક લાઉડ સ્પીકર વાગે નહી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે. જિલ્લાની કસ્ટોડીયન બેંક (૧) એસ.બી.આઈ. કોર્ટ કંપાઉન્ડ બોટાદ (૨) કેનેરા બેંક, બસ સ્ટેન્ડ સામે બોટાદ (૩) પંજાબ નેશનલ બેંક, પાળીયાદ રોડ બોટાદ તેમજ કલેકશન સેન્ટર શ્રી જે. એન. વી. બોટાદ આજુબાજુ વિસ્તારોમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે તે માટે જાહેર હિતમાં હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, આગામી તા. ૦૩-૦૫-૨૦૨૬ નાં રોજ સમય સવારના ૧૪-૦૦ થી ૧૭-૧૫ કલાક ના કુલ-૦૩ પરીક્ષા કેન્દ્ર, ઉપર તથા જિલ્લાની કસ્ટોડીયન બેંક (૧) એસ.બી.આઈ. કોર્ટ કંપાઉન્ડ બોટાદ (૨) કેનેરા બેંક, બસ સ્ટેન્ડ સામે બોટાદ (૩) પંજાબ નેશનલ બેંક, પાળીયાદ રોડ બોટાદ તેમજ કલેકશન સેન્ટર શ્રી જે. એન. વી. બોટાદ ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રો અને કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ/ફેક્સ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ વોચ, અન્ય ઈલેકટ્રોનિક્સ સાધનો લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રો અને કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

(૬) કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર.

(૭) કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં ખાનગી કાર્યક્રમ કરવા ઉપર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૨૪-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૨૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

## જાહેરનામું

નં.ડી.એમ./વશી/૬૩૯/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં આગામી તા. ૦૪-૦૪-૨૦૨૬ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૬ સવારના ૧૧-૦૦ થી ૧૩-૩૦ કલાક દરમિયાન યોજાનાર છે. આ પરીક્ષા બોટાદ જિલ્લામાં કુલ-૩૭ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. ઉક્ત પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી, તમામ પરીક્ષા કેન્દ્રો નજીક લાઉડ સ્પીકર વાગે નહી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે તે માટે જાહેર હિતમાં હું પી.એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, આગામી તા. ૦૪-૦૪-૨૦૨૬ નાં રોજ સમય સવારના ૧૧-૦૦ થી ૧૩-૩૦ કલાક સુધી ઉક્ત પરીક્ષા કેન્દ્રો ઉપર તથા જિલ્લાના સ્ટ્રોંગરૂમ (સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ) ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રો અને સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ/ફેક્સ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ વોચ, અન્ય ઈલેકટ્રોનિક્સ સાધનો લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રો અને અને સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

(૬) કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર.

(૭) કસ્ટોડીયન બેંકના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં ખાનગી કાર્યક્રમ કરવા ઉપર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ : ૦૨-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

## જાહેરનામું

**(૧) મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના) નું વેચાણ કરવા બાબત :**

નં. ડી.એમ./વશી/૯૧૪/૨૦૨૬.-રાજ્ય બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશકર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હાઓમાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોચે ત્યારે એવું જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યકિતએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યકિતઓ મોબાઈલ/સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નકકી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલ/સીમકાર્ડના વપરાશકારને તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણાવવુ જરૂરી જણાય છે.

જેથી બાટોદ જિલ્લા વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચરનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદરનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધવું ફરજીયાત બનાવવામાં આવે તથા સીમકાર્ડ વેચનારે નીચે દર્શાવ્યા મુજબના કોલમ વાઈઝ રજીસ્ટરો નિભાવવામા આવે તે જરૂરી છે.

**(૧) મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અ. નં. | મોબાઈલની વિગત/ કંપની | IMEI NO. | મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત | ફોટો | નાગરિકતા |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**(૨) નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અ. નં. | મોબાઈલની વિગત/ કંપની | IMEI NO. | મોબાઈલ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત | ફોટો | નાગરિકતા |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**(3) સીમકાર્ડ વેંચાણ બાબતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર**

| અ. નં. | સિમકાર્ડની વિગત/ કંપની | IMEI NO. | સિમકાર્ડ વેંચનાર/ખરીદનારનું નામ, સરનામાની વિગત | ID પ્રુફની વિગત | ફોટો | નાગરિકતા |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**(૨) સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો (તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેચાણ કરવા બાબત :**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો તેમજ અગાઉ પંજાબ રાજ્ય પઠાણકોટ, ગુરૂદાસપુર ખાતે તેમજ ભુતકાળમાં આંતવાદીઓ દ્વારા બિહાર રાજ્યના પટના અને બૌધ્ધા ગયા, અમદવાદ, મોડાસા, બેંગલોર, દિલ્હી અને ચેન્નાઈ શહેરોમાં શ્રેણીબધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી સંખ્યામાં જાનહાની તેમજ માલ મીલકતોને નુકશાન કરવામાં આવેલ તેમજ અગાઉ મુંબઈ શહેર ખાતે અલગ અલગ સ્થળોએ કરવામાં આવેલ આંતકવાદી હુમલાના બનાવો બનેલ છે. તેમજ સુરત શહેર ખાતેથી બોમ્બ તથા બોમ્બ બનાવવાવના સાધન સામગ્રી મળી આવેલ હતી જે જોતા આંતકવાદી/ત્રાસવાદી તત્વોને પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો તથા ટુ-વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડ ભાડવાળી જગ્યાઓમાં આવા સાયકલો તથા ટુ-વ્હીલર વાહનોમાં બોમ્બ રાખી બ્લાસ્ટ કરી આંતકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ જેથી સાયકલો જેથી સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ-વ્હીલર વાહનો ખરીદનારની માહિતી રાખેલ હોય તો આવા ત્રાસવાદી કૃત્ય કરનાર ગુનેગારો સુધી પહોચી શકાય છે. તેવા સાયકલો/વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ સલામતિ અને દેશની સુરક્ષાના પરીપ્રેક્ષમાં થોડાક સુચનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે. બોટાદ જીલ્લા વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા ટુ વ્હીલર વેચનારા તથા તે અંગેની દુકાનો ધરાવનારા માલીકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે નવી તેમજ જુની સાયકલ બોટાદ જિલ્લા વિસ્તારમાં નવી તથા જુની સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચવામાં આવે કે ખરીદવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવાનું રહેશે.

(૨.૧) સાયકલ સ્કુટર અને મોટર સાયકલ જેવા બીજા ટુવ્હીલર વાહનો ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળપ્રત કબ્જામાં રાખવી.

(૨.૨) ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ પાન કાર્ડ આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે નગરપાલીકા કોર્પોરેટર ધારા સભ્યશ્રી સંસદ સભ્યશ્રી કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનો વેચાણ કર્તાએ મેળવવાનો રહેશે.

(૨.૩) બીલમાં ખરીદદારનું પુરૂ નામ સરનામું સંપર્ક માટે ટેલિફોન/મોબાઈલ નંબર લખવો.

(૨.૪) વેચાણ બીલમાં સાયકલ સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર વાહનનો ફ્રેમ નંબર ચેસીસ નંબર એન્જીન નંબર અવશ્ય લખવો.

(૨.૫) સાયકલ સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ-વ્હીલર વાહનો વેચાણકર્તાએ કોઈ પણ પોલીસ અધિકારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે ઉપર મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાનું રહેશે.

(૨.૬) વાહન ખરીદનાર નામે વાહન તબદીલ કરવા RTO કચેરી ખાતે જરૂરી ફોર્મમાં અરજી કરી તે અંગેની કાર્યવાહી વાહન વેચનારે વાહન વેચાણના દિન-૧૫માં વાહનની બિનચુક તબદીલી થાય તે રીતે કરવાનો રહેશે.

**(૩) મકાન/દુકાન/ઓફીસ ભાડે આપવા તથા લેબર રજીસ્ટ્રેશન અંગે માહિતી રાખવા બાબત :**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરો તથા ગ્રામ્ય વિસ્તારોના રહેણાંક તથા ઔદ્યોગીક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીશ કરે છે. બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રહેણાંક, વાડી, ખેતરના રહેણાક, ઔદ્યોગીક વિસ્તારોમાં મકાન, દુકાન, ઓફીસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનીક પરિસ્થીતીથી માહિતગાર થઈ ને તેઓ ત્રાસવાદી પ્રવૃતીઓને તથા અસામાજીક પ્રવૃતીને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગીક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો તથા ગ્રામ્ય શહેરી વિસ્તારમાં રહેણાંક, વાડી, ખેતરના રહેણાક, ઉપર થોડાક નિયંત્રણો મુકવાનુ દેશની સુરક્ષા તથા સ્થાનિક લોકોની જાન માલની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

(૩.૧) બોટાદ જીલ્લા વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ઓફીસ માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ખાસ સતા આપેલ વ્યકિત માકન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમો ભાડે આપેલ છે તેવા મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના રહેણાંક, વાડી, તથા ખેતરના રહેણાંકના માલીકોએ આ માહિતી તૈયાર કરી ફરજીયાત પોતાની પાસે રાખવાની રહેશે અને સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવાની રહેશે.

(૩.૨) બોટાદ જીલ્લા વિસ્તારમાં મકાનો/બંગલાઓ, અન્ય રહેણાંક મકાનો/સ્થાયી મીલકતો ભાડે આપે અથવા અન્ય કોઈ રીતે હસ્તાંતરણ કરે તે મીલકતની માહિતી સમિતી/સોસાયટી/કમીટી/રચાઈ હોય તો તેના પ્રમુખ/ચેરમેન/સેક્રેટરીએ પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે અને જો મીલ્કત અંગે સમિતી ન રચાઈ હોય તો જે તે મીલકતના માલીક/કબ્જેદાર/કર્તાહર્તાએ આ માહિતી પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે અને જ્યારે પોલીસ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે ઉપરોકત માહીતી પુરી પાડવાની રહેશે.

(૩.૩)બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકો અથવા તો આ માટે આવા મકાનો/ દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમોના સંચાલકોએ ખાસ સત્તા આપેલ વ્યક્તિને મકાનો/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગિક એકમો ભાડે આપે ત્યારે અથવા તો અન્ય કોઈ વ્યક્તિને કામ ઉપર રાખે તો આવા વ્યક્તિઓના જરૂરી દસ્તાવેજી પુરાવા મેળવી નાગરિકતા અંગેની ચકાસણી કરી માહિતી પોતાની પાસે રાખવાની રહેશે. અને સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવાની રહેશે.

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના માલીકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ. | |
| ૨ | મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના માલીકનું એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનુ નામ સરનામુ ટેલી. નંબર. | |
| ૩ | મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ. | |
| ૪ | જે વ્યકિતને ભાડે આપેલ છે. તેનું પુરૂ નામ હાલનું સરનામું ફોટા સાથે. | |
| ૫ | જે વ્યકિતને ભાડે આપેલ છે. તેમના મુળ વતનનું પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ, સરનામા | |
| ૬ | મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામુ, ટેલી. નંબર. | |
| ૭ | મકાન/દુકાન/ઓફીસના માલિકો/ઔદ્યોગીક એકમ/વાડી ખેતરના રહેણાંક એકમના જે ભાડે આપેલ છે. તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ? | |

**: નિયમો :**

૧. આ ફોર્મમાં ઉપરોકત વિગતોને સમાવેશ કરવાની રહેશે.

૨. આ ફોર્મ સંપુર્ણ રીતે ભરીને મકાન માલીક અને ભાડુઆતે એક નકલ જો સમિતીની રચના હોય તો પ્રમુખ/ચેરમેન/સેક્રેટરીને આપવાની રહેશે અને માહિતી સોસાયટીના પ્રમુખ/ચેરમેન/સેકેટર/કર્તાહર્તાએ પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે.

૩. જો આવી કોઈ સોસૌયટી કે કમીટી રચાઈ ના હોય તો સદર મીલકતની માહીતીની જવાબદારી માલીક/કબ્જેદાર/કર્તાહર્તા ની રહેશે.

૪. તમારી મિલકતનો કબજો સુપ્રત કરતા હોય, તો જાત તપાસ કરવી આવશ્યક છે.

૫. સીંગલ યુવક યુવતીઓને મિલકત ભાડે આપો ત્યારે વાલીના સંમતિપત્ર મેળવવાનું રહેશે. તે આ સાથે સામેલ કરવું.

૬. ભાડે રાખનારે તેમનું ડ્રાઈવીંગ લાઈસન્સ/પાનકાર્ડ/ઈલેકશન કાર્ડ/આધારકાર્ડ કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૭. જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સબંધમાં પણ આ ફોર્મ ભરવાનું રહેશે. અને તે ભરવાની જવાબદારી ભાડુઆતની રહેશે. | | | |
| ૮. આ સાથે જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રેમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે. | | | |
| ૯. મિલકત ખાલી કરો ત્યારે લેખિતમાં જાણ કરવાની રહેશે. | | | |
| ૧૦. બને ત્યાં સુધી આપની મિલકત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખવી આપવી. | | | |
| ૧૧. મકાન માલીક અને ભાડુઆતના અંગુઠાનું નિશાન અને સહિઓ જવાબદાર સાક્ષીની રૂબરૂમાં કરવાની રહેશે. | | | |
| એજન્ટનું નામ શ્રી/શ્રીમતી | | | |
| એજન્ટનું સરનામુ | | | |
| ફોન નં. (ઘર) | (ઓફીસ) | (મો. નં.) | |
| ભાડુઆતના સબંધીની વિગત અને સરનામું | | | |
| (૧) | | | |
| ફોન નં. (ઘર) | (ઓફીસ) | (મો. નં.) | |
| (૨) | | | |
| ફોન નં. (ઘર) | (ઓફીસ) | (મો. નં.) | |
| | | સાક્ષીની સહી | |
| ભાડુઆતનો પાસપોર્ટ સાઈઝનો ફોટો | એકમ, મકાન માલિકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો | સાક્ષીની સહી સહિ/સિકકો/ તારીખ | |
| ભાડુઆતની સહિ | એકમ, મકાન માલીકની સહી | પ્રમુખ/સેક્રેટરી/ચેરમેન/કર્તાહર્તાની સહી | |

**(૪) સીસીટીવી કેમેરા ગોઠવવા બાબત :**

ભુતકાળમાં અમદાવાદ ખાતે થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુંવારી થયેલ જેમાં ગુજરાતના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલ. જે અંતર્ગત ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/ક.અ.વ./૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૦૮-૧૦-૨૦૧૩થી આપેલ સુચનાનુસાર અને ભુતકાળના બનાવો જેવા કે, સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો, ગાંધીનગર અક્ષરધામ મંદીર ઉપર થયેલ હુમલા તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી વારંવાર મળતી માહિતી ધ્યાને લેતા બોટાદ જિલ્લાની સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે.

બોટાદ જિલ્લામાં નજીકના ભુતકાળમાં સગીરવયની બાળા પર દુષ્કર્મના પ્રર્યાસની ઘટના બનવા પામેલ તથા બહારના રાજયોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની મોટી સંખ્યામાં અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુંવારી ન થાય અને લોકોની માલ મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, તેમજ જયા મોટા પ્રમાણમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ અર્થે જતા હોય તેવા સ્કુલ/કોલેજો અને ટયુશન કલાસીસો મોટા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર પુરતા પ્રમાણમાં CCTV કેમેરા લગાડવા તથા લોકોનું ચેકીંગ કરવું જરૂરી જણાય છે.

**સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી**

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ. સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) દરેક જગ્યાની અંદરના/બહાર ના ભાગે, બેઝમેન્ટ/ભુતલ પાર્કીંગ એરીયા, તથા પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસો અને વાહનો ની અવર-જવર ને સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ ૨-મેગા પિકસલ (IP) કેમેરા ગોઠવવા.

(૪) શોપીંગ કોમ્પલેક્ષને મોલના માલીક/સંચલાકોએ તેની તમામ બાજુએ આવેલા સામેના જાહેર રોડ પરથી અવર જવરનું રેકોડીંગ થઈ શકે તે પ્રમાણેના ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવાના રહેશે.

(૫) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવો.

(૬) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૭) રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૮) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર ૨-મેગા પિક્સલ (IP) CCTV કેમેરા સહીતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૯) મોલની અંદર દાખલ થતા વાહનો (મોટર સાયકલ/ફોર વ્હીલર) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે. પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યક્તિઓનું ચેકીંગ પણ સંપુર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૧૦) તેમજ જયાં મોટા પ્રમાણમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ અર્થે જતા હોય તેવા સ્કુલ/કોલેજો અને ટયુશન કલાસીસો ખાતે સંસ્થાની અંદરની ભાગે તથા એન્ટ્રી ગેઈટ પર રોડને આવરી લે તે રીતે CCTV કેમેરા લગાવાના રહેશે.

(૧૧) મોલમાં માલ માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહીતગાર હોવા જોઈએ. આ અંગે તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ. મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણ પણે મોલના માલીકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મોલના ચેકીંગ સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૧૨) રાત્રીના સમયે પણ સી.સી.ટીવી. કેમેરા નું રેકોર્ડીંગ સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેના નાઈટ વિઝન અથવા આઈ.આર.હાઈડેફિનેશન કેમેરા લગાવવાના રહેશે અને જરૂરી પ્રકાશની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૩) સી.સી.ટીવી. કેમેરાનું આઉટપુટ ડીસપ્લે (મોનીટર) અને ડી.વી.આર જ્યારે પણ અધિકૃત અધિકારી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઈ શકે તે માટે જાણકાર ટેકનીશીયન સ્થળ ઉપર અથવા ટેલિફોન સંપર્ક ઉપર હાજર મળે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

**(૫) હોટલ/લોજ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં રોકાણ કરનારની માહિતી રાખવા બાબત :**

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો બંગ કરેછે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેરમાં લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

જેથી બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટ હાઉસ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ ને તેઓ ત્રાસવાદી/લુટ/ચોરી જેવી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં કોઈપણ નાગરીક આવે ત્યારે તેના ડોકયુમેન્ટની વિગતો કોપી સહીતની લેવી.

(૨) ડોકયુમેન્ટની વગરના તેમજ અજાણ્યા નાગરીકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૩) તમામ નાગરીકના નામ, સરનામા, મોબાઈલ, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૪) બોટાદ જિલ્લામાં કઈ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૫) કોઈપણ નાગરીકની હોટલ/લોજ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગમાં શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૬) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી. ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૭) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા તમામ નાગરીકોની અન્ય જરૂરી માહિતી તમામ માહિતી રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ ઉપરાંત હોટલ/લોજ/બોર્ડિંગ/ગેસ્ટહાઉસના માલીકો જયારે કોઈપણ વ્યક્તીને હોટલ/લોજ/બોર્ડિંગમાં રહેવા માટે આશરો આપે ત્યારે માલીકે તેવા વ્યક્તિઓનું ID પ્રુફ અને પુરૂ નામ સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી રજીસ્ટ્રરમાં નોંધ કરવાની રહેશે તેમજ પોલીસને જરૂર પડે મદદરૂપ થઈ શકે તે હેતુથી અમલવારી કરવાની રહેશે.

**(૬) હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં રોકાણ કરનારની માહિતીને પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરવા બાબત :**

બોટાદ જિલ્લો તેમજ બહારના જિલ્લા અને રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા લોકો હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓ લુટ/ચોરી/ધાડ/ત્રાસવાદી જેવી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં આશરો આપતા માલીકો/મેનેજરો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે. બોટાદ જિલ્લાના હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના તમામ માલીકોએ તેમના હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં કોઈપણ વ્યક્તીને હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રહેવા માટે રૂમ અથવા આશરો આપે ત્યારે માલીકે તેવા વ્યક્તિઓનું ID પ્રુફ અને પુરૂ નામ સરનામું મેળવી તેમના રજીસ્ટ્રરમાં નોંધ કરવાની સાથે-સાથે રીશેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું તેમા ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program For Analysis Of Traveller & Hotel Informatiks) ઈન્સટોલ કરાવી રજીસ્ટ્રરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફ્ટવેરમાં પણ કરવાની રહેશે. જેથી પોલીસને જરૂર પડે તપાસમાં મદદરૂપ થઈ શકે તે હેતુથી અમલવારી કરવાની રહેશે.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રુએ આથી હુકમ કરુ છુ કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરનાર વિક્રેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો...(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેપારીઓ, સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઓદ્યોગીક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાવવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે. તેમજ માંગણી થયેથી પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૧૮-૦૫-૨૦૨૬ થી તા. ૧૬-૦૭-૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનુ આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૫-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૧૫ માહે મે, સને ૨૦૨૬.

---

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૯૧૫/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં આવેલ સેન્સેટીવ ઝોન જેવા કે, શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિર સાળંગપુર, BAPS સ્વા. મંદિર સાળંગપુર, સ્વામીનારાયણ મંદિર કુંડળ, ભીમનાથ મહાદેવ મંદિર, વિસામણ બાપુની જગ્યા પાળીયાદ, ગોપીનાથજી દેવ સ્વામીનારાયણ મંદિર ગઢડા, BAPS સ્વા. મંદિર ગઢડા તથા ટેલીફોન એક્ષચેન્જ બોટાદ, બરવાળા, ગઢડા તથા બોટાદ જિલ્લામાં આવેલ મોટા ડેમો જેમાં ઉતાવળી ડેમ ગુંદા, સુખભાદર ડેમ નાના છૈડા, ભીમડાદ ડેમ, ઈતરીયા ડેમ, લીંબાળી ડેમ, કાળુભાર ડેમ તથા પાણીના પંમ્પીંગ સ્ટેશન નાવડા તથા ગઢડા તથા સોનાવાલા હોસ્પીટલ બોટાદ તથા CHC હોસ્પીટલ ગઢડા તથા મધુસુદન ડેરી ગઢડા તથા ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ બોટાદ, કલેકટર કચેરી બોટાદ, તથા જિલ્લા પંચાયત કચેરી બોટાદ, તથા બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ વિજળી પાવર સપ્લાયર સબ સ્ટેશનો વિગેરે સંસ્થાનોને રેડ/યલો ઝોનમાં ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયની SOP અને Drone rules-2021 મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. જેમાં બોટાદ જિલ્લામાં કુલ-૫૮ સ્થળોને રેડ/યલો ઝોનમાં મુકવામાં આવેલ છે.

જેથી બોટાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ સેન્સેટીવ વિસ્તારો/સંસ્થાનોને ડ્રોન (UAV) જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈ તેની સુરક્ષાને હાનિ ન પહોંચાડે તે સારૂ ઉપરોકત જણાવેલ વિસ્તારોમાં પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે માટે પ્રતિબંધ ફરમાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના પત્ર નં. એલઆઈ/ડ્રોન કેમેરા/જાહેરનામું/૪૦૭/૨૦૨૬, તા. ૧૨-૦૫-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે ધ્યાને લઈને પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી, બોટાદએ કરેલ દરખાસ્ત મુજબના સ્થળોએ પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની જરૂર જણાતી હોઈ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, નીચે મુજબના સ્થળો/વિસ્તાર પાસે પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ કરવા અંગે પ્રતિબંધ ફરમાવું છું.

| Name of Place | Full Postal Address | Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n" | Recommended Zone Red/Yellow | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018 |
|---|---|---|---|---|---|---|
| 66 KV Electric Power Sub Station Kanara | At-Kanara Ranapur Dhandhuka Road Ta-Ranpur Dis-Botad | J | RED | 22.349857 | 71.7312 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Moti Vavadi GETCO | At-Moti Vavadi Ta-Rnapur Dis-Botad | J | RED | 22.279123 | 71.78115 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Chandarava GETCO | At-Chandarava Ta-Rnapur Dis-Boad | J | RED | 22.259796 | 71.850654 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Alampur | At-Alampur Ta-Rnapur Dis-Botad | J | RED | 22.316744 | 71.663368 | 100 mtr distance from perimeter |
| Utavali Dam At-Gunda Ta-Rnapur Dis-Botad | Utavali Dam At-Gunda Ta-Rnapur Dis-Botad | J | YELLOW | 22.191062 | 71.793647 | 2 km distance from perimeter |
| Barwala Bus Station | Ranapur Road, Barawala Ta-Barawala Dis-Botad | L | YELLOW | 22.158068 | 71.892087 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Salangapur | Barawala Botad high way Salangpur Ta-Barawala Dis-Botad | J | RED | 22.163115 | 71.774062 | 100 mtr distance from perimeter |
| 132 KV Electric Power Sub Station Barawala | Ranapur Road Barawala Ta-Barawala Dis-Botad | J | RED | 22.161576 | 71.886829 | 100 mtr distance from perimeter |
